**આજનો સુવિચાર**

ચિંતા એ માનવ જીવનનું ઝેર છે, તે અનેક પાપોની અને તેથી વધુ દુઃખોની જનની છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૫ જૂનાગઢ તા.૧૭-૧૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 05, Junagadh : Date : 17 December, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ‘એક દેશ - એક ચૂંટણી’ બીલ લોકસભામાં રજુ : વિપક્ષનો ઉગ્ર વિરોધ




- ખરડાને તત્કાલ પાછો ખેંચી લેવા વિપક્ષોની સંયુક્ત માંગણી
- ખરડો સંવિધાનની આત્મા પર હુમલો છે, સરકાર તાનાશાહી લાવવા માંગે છે : કોંગ્રેસ
- આ ખરડાથી સંવિધાનની મૂળ ભાવના પર હુમલો, બંધારણના મુળભૂત માળખાને સમાપ્ત કરવાની કોશિષ થઈ રહી છે : સમાજવાદી પાર્ટી
- આ ખરડો સંવિધાનની મૂળ ભાવનાની વિરૂધ્ધમાં છે : તૃણમૂલ કોંગ્રેસ

નવી દિલ્હી તા.૧૭

સંસદના શિયાળુ સત્રના આજે ૧૭મા દિવસે એક દેશ - એક ચૂંટણી (વન નેશન-વન ઈલેક્શન) બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સૌપ્રથમ વન નેશન, વન ઈલેક્શન માટે ૧૨૯મું બંધારણ સંશોધન બિલ રજૂ કર્યું હતું. બીલ રજુ કરાયા બાદ લોકસભામાં આ બીલ પર ચર્ચા થઈ રહી છે. જેમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો તેમના વિચારો રજુ કરી રહ્યા છે. વિપક્ષના સાંસદોએ જણાવ્યું છે, જો એક રાજયમાં સરકાર પડી ગઈ તો શું સમગ્ર દેશમાં ચૂંટણી થશે. કોંગ્રેસ, એસપી, ટીએમસીએ બીલને ગેરબંધારણીય જણાવ્યું છે. કોંગ્રેસે કહ્યું કે, સરકાર આ ખરડાને તુરંત પાછો ખેંચી લે. કારણ કે, તે બંધારણની મુળભુત ભાવનાની વિરૂધ્ધમાં છે. અને સંવિધાનના આત્માની વિરૂધ્ધમાં છે. જયારે સમાજવાદી પાર્ટીએ કહ્યું કે, આ ખરડો સંવિધાનની મૂળ ભાવના પર હુમલા સમાન છે. બંધારણના સંઘીય માળખાને ખતમ કરવાની કોશિષ થઈ રહી છે. અને દેશમાં તાનાશાહી લાવવાનો આ નવો રસ્તો છે. જયારે તૃણમુલ કોંગ્રેસે જણાવ્યું છે કે, આ ખરડો બંધારણાની મુળ ભાવનાની વિરૂધ્ધમાં છે. શું હવે ચૂંટણી પંચ જ તમામ બાબતો નક્કી કરશે ? આ ખરડાથી વિધાનસભાની સ્વાયતતા પર ખતરો સર્જાયો છે. તેમ ટીએમસીના સાંસદોએ જણાવ્યું હતું.

બંને બિલોને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૧૨ ડિસેમ્બરે મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સૌપ્રથમ વન નેશન, વન ઈલેક્શન માટે ૧૨૯મું બંધારણ સંશોધન બિલ રજૂ કર્યું હતું. કોંગ્રેસ અને શિવસેનાએ તેમના સાંસદોને વ્હીપ જાહેર કર્યા હતા.

બીજું બિલ કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંબંધિત ત્રણ કાયદાઓમાં સુધારો કરવાનું છે. આ બિલમાં કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર અધિનિયમ - ૧૯૬૩, ધ ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી- ૧૯૯૧ અને જમ્મુ અને કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન એક્ટ-૨૦૧૯નો સમાવેશ થાય છે. તેના દ્વારા જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે સુધારા પણ કરી શકાય છે.

બીજી તરફ રાજ્યસભામાં આજે પણ બંધારણ પર વિશેષ ચર્ચા ચાલુ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે ચર્ચાનો જવાબ આપી શકે છે. આ પહેલા વડાપ્રધાને ૧૪ ડિસેમ્બરે લોકસભામાં બંધારણ પર વિશેષ ચર્ચામાં ભાગ લીધો હતો. ચર્ચા દરમિયાન તેમણે કોંગ્રેસને બંધારણનો શિકાર કરનારી પાર્ટી ગણાવી હતી.

# ભાવનગર જીલ્લામાં ત્રાપજ નજીક ખાનગી બસ ડમ્પર સાથે અથડાતા ૬ વ્યક્તિઓનાં કરૂણ મોત

ભાવનગર તા.૧૭

ભાવનગર નજીક ત્રાપજ પાસે હાઈવે પર આજે વહેલી સવારે રોડની સાઈડમાં ઊભેલા ડમ્પર ટ્રકની પાછળ ખાનગી બસ અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ભાઈ-બહેન સહિત ૬ લોકોના કરૂણ મોત થયા છે. જ્યારે ૨૦ કરતાં વધુ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ભાવનગર નજીક ત્રાપજ પાસે હાઈવે પર એક ડમ્પરમાં ખામી સર્જાતા ડ્રાઈવરે રોડની સાઈડમાં ઉભું કર્યુ હતું, આ દરમિયાન સુરતથી રાજુલા જઈ રહેલી એપલ ટ્રાવેલ્સની ખાનગી બસ ડમ્પરની પાછળ ધડાકાભેર અથડાતા ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

આ ગોઝારા અકસ્માતની જાણ થતાં આજુબાજુના લોકો અને અન્ય વાહનચાલકો એકઠા થયા હતા અને પોલીસ સહિત ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તુરંત ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ખાનગી ટ્રાવેલ્સ બસનો એક બાજુના અડધા ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

## ગોડાઉનમાં રાખેલા અનાજ પર ખેડુતોને લોન મળશે : કેન્દ્રનો મોટો નિર્ણય

નવી દિલ્હી, તા.૧૭:

કેન્દ્ર સરકારે ખાદ્ય સુરક્ષા તેમજ ખેડૂતોની આવક વધારવા માટે ક્રેડિટ ગેરન્ટી યોજના શરૂ કરી છે. સરકાર આ યોજના હેઠળ ગોડાઉનમાં રાખેલા અનાજ પર ખેડૂતોને સીધી લોન આપશે. ખેડૂતો તેમજ અનાજના ગોડાઉનો વચ્ચે નાણાંકીય સહયોગ વધારવાના આશય સાથે સોમવારે ક્રેડિટ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. ખેડૂતો અને વેપારીઓ આ યોજના હેઠળ પોતાના ઉત્પાદનોને ગોડાઉનમાં વધુ દિવસો સુધી સંગ્રહ કરી શકશે અને તેના બદલે તેઓ બેંકોમાંથી સરળતાથી લોન લઈ શકશે.

## બોગસ આયુષ્માન કાર્ડનું રાજયવ્યાપી કૌભાંડ ઝડપાયું

અમદાવાદ તા.૧૭

ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ મેડીકલ માફીયાઓની પોલ એક પછી એક સામે આવી રહી છે. ક્રાઈમ બ્રાંચની ટીમે પાત્રતા વગરના લોકોને PM-JAY કાર્ડ બનાવી આપનાર ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીએ એકાદ બે નહી પરંતુ ત્રણ હજારથી વધુ લોકોને PM-JAY કાર્ડ બનાવી આપીને કૌભાંડ આચર્યુ છે. અમદાવાદ, ભાવનગર અને સુરતના ૬ લોકોએ સરકારને મોટાપાયે ચૂનો લગાવીને કૌભાંડ આચર્યુ હતું. PM-JAY કાર્ડ બનાવવા માટેના કેટલાક નિયમો તેમજ ધારાધોરણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યા છે પરંતુ કેટલાક લોકો પોતાની આવક છુપાવીને PM-JAY કાર્ડ કાઢાવી લેતા હોય છે. આ કૌભાડમાં કેટલાક સરકારી બાબુઓની પણ સંડોવણી સામે આવે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી.

PM-JAY કાર્ડ બનાવવામાં જે લોકો પાત્રતા ધરાવતા ના હોય તેમને પણ આ યોજનાના કાર્ડ બનાવી આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. નકલી પુરાવાના આધારે અસલી PM-JAY કાર્ડ બનાવી આપતા હતા. ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, અમદાવાદ, ભાવનગર અને સુરતમાં કેટલાક લોકો બોગસ આવકનું પ્રમાણપત્ર ઉભુ કરીને PM-JAY કાર્ડ બનાવી રહ્યા છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે છટકુ ગોઠવીને ૬ લોકોની અટકાયત કરી હતી અને તપાસ શરૂ કરી હતી.

## ગુજરાતમાં ૧૦ હજાર દર્દી દીઠ ૭૬ બેડ

અમદાવાદ તા.૧૭ :

લોકસભામાં રજૂ કરવામાં આવેલાં ડેટા અનુસાર ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર ૧૦૦૦૦ વસ્તી દીઠ ૭૬ બેડ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૭ બેડને વટાવી ગયો છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં રાજ્ય સરકાર સંચાલિત આરોગ્ય સુવિધાઓમાં ૪૬૨૩૭ બેડ હતાં. જે ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા પર આધારિત છે.

જે અનુસાર ગુજરાતમાં ૬.૦૪ કરોડની વસ્તી હતી. કેરળ અને તમિલનાડુ રાજ્યોમાં અનુક્રમે ૧૦૦૦૦ની વસ્તી દીઠ ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચનાં રાજ્યોમાં છે. દેશમાં ખાસ કરીને ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે લોકોને વધુ સારી સુવિધા મળી રહે તે માટે સરકાર દ્વારા સતત સીસ્ટમને અપડેટ કરવામાં આવી રહી છે.

## ગુજરાતને ટૂંક સમયમાં ૧૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ મળશે

અમદાવાદ, તા.૧૭: ગુજરાતમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે વડનગર અને દ્વારકાની સાથે ૧૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવામાં આવશે. આ પછી પ્રવાસીઓ અને યાત્રાળુઓ હવાઈ સેવા દ્વારા સીધા જ ગુજરાતના લોકપ્રિય સ્થળોએ પહોંચી શકશે. ગુજરાત સરકારે રાજ્યમાં ૧૧ સ્થળોએ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ વિકસાવવાનું કામ ઝડપી કર્યું છે. જેના માટે ૨૦૨૫-૨૬ના બજેટમાંથી મોટી ફાળવણી કરવામાં આવી છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે અંકલેશ્વર, મોરબી, રાજપીપળા, બોટાદ, ધોરડો, રાજુલા, દાહોદ, ધોળાવીરા અને પાલિતાણા ખાતે ગ્રીનફિલ્ડ એરપોર્ટની પણ વિચારણા કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીના જન્મસ્થળ વડનગરની વધતી જતી લોકપ્રિયતા અને અંબાજી મંદિરમાં શ્રદ્ધાળુઓની વધતી જતી ભીડને કારણે આ બંને એરપોર્ટનું કામ ટૂંક સમયમાં શરૂ થાય તેવી શકયતા છે. સૂત્રોએ જણાવ્યું કે દ્વારકા અને વડનગર નજીકના ગ્રીનફિલ્ડ એરપોર્ટ માટે પ્રાથમિક શકયતા અભ્યાસ પૂર્ણ થઈ ગયો છે. ઉત્તર ગુજરાતની સ્થાનિક વસ્તી અને મુખ્ય સ્થળોની મુલાકાત લેતા પ્રવાસીઓને સેવા આપવા માટે વડનગર અને અંબાજી નજીક જમીનને આખરી ઓપ આપવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આગામી મહિનાઓમાં જમીન સંપાદન શરૂ થશે.


**સોશ્યલ મિડીયામાં ધૂમ મચાવતા ઘાણીના સીંગતેલનાં ડોકટર એક કોમેડી વિડીયો દ્વારા સ્વાસ્થ્ય માટે સારૂ કાર્ય કરતા હોય અમે રૂબરૂ મુલાકાત કરતા એમની પ્રોસેલ કોલેટી અને તેલની ગેરંટી જાણે છે**




**અમારે કોઈ ડીલર, ડીસ્ટ્રીબ્યુટર કે કોઈ એજન્ટ નથી. અમે સીધું ગ્રાહકનો ઓર્ડર ૭૭૭૮૮૧૨૦૧૩ આ નંબર ઉપર ઓર્ડર લઈને ફ્રી હોમ ડિલેવરી ઘર સુધી પહોંચાડીએ છીએ.**

**સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના પત્રકાર નિલેશ નથવાણીએ વીટીસીના ઓનર ધર્મેશભાઈ ઠેસીયા સાથેનો ખાસ ઈન્ટરવ્યુ**

- **વીટીસી નેચરલ પ્રોડકટની શરૂઆત તમે કઈ સાલમાં કરેલી છે ?**
  ૨૦૧૯માં શરૂઆત અમે પોતે જ ખેડુત છીએ અને પોતાની જમીનમાં ઘાણીનું સીંગતેલ બનાવવાની જ ફેકટરી છે.
- **વીટીસી નેચરલ પ્રોકડટ ઘાણીનું શુધ્ધ સીંગતેલ ૧૫ કિલોની એક ડબ્બો કેટલી કલાકમાં તૈયાર થાય છે ?**
  એક કલાકમાં ૧૮ શુધ્ધ સીંગતેલ ડબ્બા બને છે.
- **તમારૂ આ શુધ્ધ સીંગતેલની તમો ગેરંટી આપો છો તેની ખાતરી શું ?**
  ભેગુ ગેરંટી કાર્ડ આપે છે એમાં ભેડસેડ નથી કોઈ પ્રેજરવેટીવ્સ નથી કોઈ રીફાઈન્ડ પ્રોસેસ નથી અને પ્યોર જી-વીસ મગફળીમાંથી બનાવવામાં આવે છે.
- **તમારૂ આ શુધ્ધ સીંગતેલ તમારા કાયમી ગ્રાહકો જ લય જાય છે તે ગ્રાહકોનો વપરાશ અંગે અભીપ્રાય આપશો ?**
- **પીયુસભાઈ ગજેરાનાં મંતવ્ય :**
  છેલ્લા ૬ વર્ષથી આ તેલ ખાઈએ છીએ આ તેલ જેવું હાઈજેનીક અને નેચરલ તેલ એક પણ બીજું નથી.
- **સંકેતભાઈ ગોંડલીયા :**
  અમે મગફળીનાં ધંધા સાથે સંકળાયેલા ૧૨ વર્ષથી અમને ખ્યાલ છે કે તેલ કેવી રીતે બને છે. પરંતુ અમે છેલ્લા ૬ વર્ષથી વીટીસી નું શુધ્ધ સીંગતેલ ખાઈએ છીએ. આના જેવું બીજું એક પણ તેલ ના હોય.
- **મૌલિકભાઈ પટોડીયા :**
  મૌલીકભાઈને ૪ વર્ષ પહેલાં હૃદયરોગ બિમારી થઈ હતી. ત્યારથી એ ભાઈ વીટીસીનું ઘાણીનું સીંગતેલ ખાય છે. તેનાથી તેમને ઘણી બધી સ્વાસ્થ્ય માં રાહત છે.
- **તમો આ શુધ્ધ તેલમાં કઈ જાતની મગફળીનો ઉપયોગ કરો છો ?**
  પ્યોર જી-વીસ મગફળીનાં ઉપયોગ :
  એ મગફળીનો ડાયરેક ખેડુતો પાસે મગફળીની ખરીદી કરીએ અને એ મગફળીની તમારી ઘાણી ઉપર લઈ આવીએ તથા એ મગફળીને પ્રી-કલીન કરી અને ફોલીને જે દાણા નીકળે એ દબાવી એને જે તેલ નીકળે તેવું ફીલ્ટર કરીને અલગ પેકીંગમાં ભરીને સીધુ શુધ્ધ તેલ ગ્રાહકનાં ઘર સુધી પહોંચાડીએ.
- **આ શુધ્ધ સીંગતેલ ઘાણીનું અને રીફાન્ડ કરેલ સીંગતેલમાં શું ફરક છે ?**
  એમાં ઘણો બધો ફરક છે. રીફાઈન્ડ તેલ ગંભીર પ્રકારનાં કેમીકલના ઉપયોગથી રઈફાઈન્ડ કરવામાં આવે છે. જે કયારે પણ ખાવા લાયક નહીં.
  ઘાણીનું સીંગતેલ નેચરલ પ્રોસથી બનાવવામાં આવે છે. જેમાં કોઈ કેમીકલ પ્રોસેસ તથા કોઈ પ્રેજરવેટીસ એક નથી કરતાં કે કોઈ ફલેવર કે કોઈ ભેડસેડ નથી કરતાં.






**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
**8005 70 8005**

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

**કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦**


કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
**સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર**
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

# આર્મી અધિકારીની ઓળખ આપી, છેતરપિંડી આચરતા મથુરાના બે શખ્સોને ઝડપી લેતી દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ

## દ્વારકાની હોટલોના નામની ફેક વેબસાઈટ બનાવી, આચર્યો હતો ફ્રોડ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકાની જાણીતી હોટેલોના નામની ફેક વેબસાઈટ બનાવી અને ગૂગલ મારફતે અપલોડ કરી, અહીં આવતા યાત્રાળુઓ સાથે છેતરપિંડી આચરવાના અગાઉ અનેક ગુનાઓ નોંધાયા છે. આવા પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે કાર્યવાહી કરી અને આરોપીઓને દબોચી લીધા હતા. આ પ્રકારના વધુ એક ફ્રોડમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે મથુરા (યુ.પી.)ના બે મુસ્લિમ શખ્સોને દબોચી લઈને સિલસિલા બંધ વિગતો મેળવી છે. દ્વારકામાં રહેતા અને એક હોટેલના સંચાલકની હોટેલના નામની સ્પોન્સર્ડ ગૂગલ એડ અને ફેક વેબસાઈટ બનાવીને તેમાં કોઈ ગઠિયાઓએ પોતાના મોબાઈલ નંબર નાખીને અહીં, આવતા દર્શનાર્થીઓ, યાત્રાળુઓ સાથે રૂમ બુકિંગના નામે નાણા પડાવીને છેતરપિંડી આચરવામાં આવતા ઉપરોક્ત આસામી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે પોલીસે આઈ.ટી. એક્ટ સહિતની કલમ હેઠળ વિવિધ દિશાઓમાં તપાસ આદરી હતી. આ પ્રકરણ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય અને ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિની સૂચના અને માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અલગ અલગ પ્રકારની ટેકનીકલ બાબતો એકત્ર કરી, આ અંગે કરવામાં આવેલા એનાલિસિસમાં મેવાતી ગેંગના સભ્યો અંગે માહિતી મેળવવામાં આવી હતી. જેથી આરોપીઓ દ્વારા જે-તે વેબસાઈટમાં રાખવામાં આવેલા મોબાઈલ નંબર સહિતની બાબતોને ધ્યાને લઈ અને આ પ્રકરણમાં ઉત્તર પ્રદેશ રાજ્યના મથુરા જિલ્લાના ગોવર્ધન તાલુકાના રહીશ અજરુદીન ફોજદાર મેવ અને નસીબ વસરુદીન ઉર્ફે મગર મેવ નામના બે શખ્સોને દબોચી લેવામાં સાયબર ક્રાઈમ પોલીસને સફળતા સાંપળી હતી. ઝડપાયેલા બંને શખ્સોને પોલીસ દ્વારા કરવામાં આવેલી આકરી પૂછપરછમાં આરોપીઓ દ્વારા અગાઉ ઓ.એલ.એક્સ.માં બનાવટી ચીજ વસ્તુઓ ઓછી કિંમતમાં રાખી, તેમાં જાહેરાત મુકતા હતા. જ્યારે કોઈ વ્યક્તિ તેઓનો સંપર્ક કરે તો પોતે આર્મી અધિકારીની ઓળખ આપતો અને જે-તે આસામીને પોતાની બદલી થયેલી હોવાથી વસ્તુઓ ઓછા ભાવે વેચવાની છે તે બાબત અંગે વિશ્વાસમાં લઈ લેતા હતા. આટલું જ નહીં, આરોપીઓ દ્વારા આર્મી ગેટ પાસ કસ્ટમ ચાર્જ વિગેરેના બહાના હેઠળ નાણા પડાવવામાં આવતા હતા. આ પ્રકારે આરોપીઓ દ્વારા અગાઉ આશરે રૂપિયા સવા લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાની કબુલાત પણ પોપટ બનીને પોલીસ સમક્ષ આપવામાં આવી હતી. દ્વારકામાં ફેક વેબસાઈટના ગુનામાં પણ આરોપીઓએ મૂળ હોટેલની મૂળ વેબસાઈટ જેવી આબેહૂબ દેખાતી વેબસાઈટમાં પોતાના નંબર રાખવામાં આવ્યા હતા અને આરોપી અને સહઆરોપીના કહેવા મુજબ પોતાને હોટેલના માલિક અને મેનેજર તરીકેની ઓળખાણ આપીને લોકો સાથે વાતચીત કરી, હોટેલના રૂમ અને ફોટા દર્શાવીને બુકિંગ સંદર્ભે વિશ્વાસમાં લઈ લેવામાં આવતા હતા. આ રીતે રૂમ બુકિંગ એડવાન્સ નાણા મેળવી અને ફ્રોડ આચરવામાં આવતું હતું. આટલું જ નહીં, આરોપીઓ દ્વારા પ્રથમ બુકિંગ મેળવ્યા બાદ કન્ફર્મ કોડ આપવાના બહાને વધુને વધુ નાણા પાડવામાં આવતા હતા. ઉપરોક્ત આરોપીઓ મેવાતી ગેંગના સભ્યો હોવાનું તેમજ આ ચીટર ટોળકી દ્વારા સમગ્ર દેશના જુદા જુદા ધાર્મિક તેમજ પ્રવાસ સ્થળોની હોટેલને ટાર્ગેટ કરી અને ફેક રૂમ બુકિંગના માધ્યમથી મોટા પ્રમાણમાં લોકોને ખંખેર્યા છે. જેથી હાલ આ મેવાતી ગેંગના બે સભ્યોને પોલીસે ઝડપીને આગળની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી સાયબર ક્રાઈમ વિભાગના પી.આઈ. વી.કે. કોઠીયા, પી.એસ.આઈ. એસ.વી. કાંબલીયા, હેડ કોન્સ્ટેબલ ધરણાંતભાઈ, મુકેશભાઈ, ભરતભાઈ, અલકાબેન અને અજયભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# ધાંગધ્રા તાલુકાનાં દુદાપુર ગામના વાડી વિસ્તારની પ્રસુતાને એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસુતિ કરાવી જીવન રક્ષક બનતી "૧૦૮ ઈમરજન્સી સેવા"



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

ધ્રાંગધ્રા તાલુકાનાં દુદાપુર ગામના વાડી વિસ્તારમાં રહેતાં પ્રસુતા મનીષાબેનને અચાનક પ્રસવ પીડા ઉપડતા તેમના પરિજનોએ મહિલાને હોસ્પિટલ પહોંચાડવા માટે ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ની રીંગ રણકતા જ ગણતરીની મિનિટોમાં જ ૧૦૮ની માલવણ ટીમના ઈએમટી પંકજ પરમાર પાયલોટ ઘનશ્યામભાઈ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પ્રસૂતાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં પ્રસૂતાને વધારે દુ:ખાવો ઉપાડતા ૧૦૮ સાઈડમાં જ ઉભી રાખી એમ્બ્યુલન્સમાં રહેલા સ્ટાફ દ્વારા એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પ્રસુતિ કરવામાં આવી હતી. વધુ સારવાર અર્થે આ મહિલાને ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબોએ મહિલાને બાકીની સારવાર આપી હતી. હાલ નવજાત શિશુ તથા માતા બંને સંપૂર્ણપણે સ્વસ્થ છે. અનેક લોકોને મોતના મુખેથી ઉગાવનાર ૧૦૮ના સ્ટાફે એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પ્રસુતિ કરાવી આ મહિલાનો જીવ બચાવી લેતા ૧૦૮ની સચોટ કામગીરીની નોંધ લઈ તેણીના પરિવારે ૧૦૮ની સમગ્ર ટીમનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર જિલ્લાની ૧૦૮ સેવા દ્વારા અનેકવાર પ્રસુતા માતાને સેવા પૂરી પાડવામાં આવી છે. જે પ્રસુતા માતા મૃત્યદર ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ છે. ૧૦૮ની સેવા થકી જિલ્લાના અંતરીયાળ અને છેવાડાની પ્રસુતા માતાના ઘરના ઉંમરા સુધી પહોંચીને યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. તથા જરૂર પડ્યે એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ પણ કરાવવામાં આવે છે. આ રીતે ખરા અર્થમાં ૧૦૮ની ઈમરજન્સી એમ્બુલન્સ સેવા એ એક માતા જે રીતે પોતાના બાળકની સંભાળ રાખે તે રીતે કાળજી રાખીને એક માતાની ગરજ સારવાની પણ ભૂમિકા ભજવી રહી છે.

# ખંભાળિયામાં નવા નિર્માણ થનારા આધુનિક ફાયર સ્ટેશન ખાત મુહૂર્તની રાહમાં

## શહેરથી દૂર બનનારા ફાયર સ્ટેશન બાબતે ઉઠતા સવાલો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે જિલ્લા કક્ષાનું અને આધુનિક ફાયર સ્ટેશન હાલ અનિવાર્ય બની રહ્યું હોય, થોડા સમય પૂર્વે ખંભાળિયા માટેના આ ફાયર સ્ટેશન અંગેનું ટેન્ડરિંગ કામ સંપન્ન થઈ ચૂક્યું છે. ત્યારે અહીંના ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં બનાવવાનું નક્કી થયેલું ફાયર સ્ટેશનનું હવે ક્યારે શરૂ થશે તે બાબતની રાહ લોકો જોઈ રહ્યા છે.

ખંભાળિયામાં જિલ્લા કક્ષાનું આધુનિક સ્ટેશન અહીંના ધરમપુર વિસ્તારમાં આવેલી આર.ટી.ઓ. કચેરી નજીક કરવાનું મંજૂર થયું છે. જે અંગેની ટેન્ડરિંગ પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ચૂકી છે અને કામ શરૂ કરવાનો હુકમ પણ અપાઈ ગયો છે. તેમ છતાં પણ કોઈ કારણોસર આ કામગીરી હજુ સુધી શરૂ થઈ શકી નથી. ત્યારે તેની ભૂમિ પૂજનની રાહ ઘણા સમયથી જોવાઈ રહી છે. ખંભાળિયા શહેર નજીકના એક છેવાડે આરટીઓ નજીક જિલ્લા કક્ષાનું ફાયર સ્ટેશન બનવાનું છે. આ ફાયર સ્ટેશન સમગ્ર જિલ્લામાં ઉપયોગમાં આવી શકશે. પરંતુ આ ફાયર સ્ટેશન શહેરથી એટલું દૂર બનશે કે ગામમાંથી જેમ તેમ કરીને પસાર થતું ફાયર ફાયટર ગીચ માર્ગો તેમજ ફાટકમાંથી અટવાઈને આગની ઘટનાના સ્થળે પહોંચતા ખૂબ જ લાંબો સમય નીકળી જાય તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે. અત્યારે ખંભાળિયા શહેરને સંલગ્ન અનેક સરકારી જગ્યાઓ ખાલી હોવા છતાં જિલ્લા કક્ષાનું ફાયર સ્ટેશન આટલું દૂર અને માર્ગમાં રેલવે ફાટક પણ નળતરરૂપ બને તેવી જગ્યાએ શા માટે બનાવવામાં આવી રહ્યું છે? તેવા પ્રશ્નો સાથે ક્યારેક ખૂબ જ ઈમરજન્સીના સમયમાં આ ફાયર ફાઈટર કામ આવશે કે કેમ? તેવો પ્રશ્ન પણ લોકોમાં પુછાય રહ્યો છે. ખંભાળિયા શહેર વિસ્તારમાં ચાલતા કામો, મંજૂર થયેલા કામો અવારનવાર ટલ્લે ચડે છે. ત્યારે સ્થાનિક હોદ્દેદારો, નેતાઓ અને આગેવાનો વચ્ચે સંકલન ન હોવાથી તેનો ભોગ પ્રજાને બનવું પડે છે.

# કડકડતી ઠંડીમાં બાળ સિંહ કૂવામાં ખાબક્યો : સુત્રાપાડાના લોઢવા ગામે વહેલી પરોઢે બની ઘટના



## ખેડૂત અને વન વિભાગની સતર્કતાથી સિંહ બાળનો જીવ બચ્યો : વન વિભાગ દ્વારા રેસ્કયુ કરી એનીમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૭

સુત્રાપાડાના લોઢવા ગામે આજે વહેલી પરોઢે એક બાળ સિંહ ખુલ્લા કુવામાં ખાબકયો હતો. જો કે ખેડૂત દ્વારા તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં વન વિભાગની રેસ્કયુ ટીમ દ્વારા ત્રણેક કલાકની જહેમત બાળ સિંહને સહી સલામત કુવામાંથી બહાર કાઢી બચાવી લેવાયો હતો. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર આજે વહેલી સવારે અંદાજે ચારેક વાગ્યાના સુમારે લોઢવા ગામે સાતમાનો પા વાડી વિસ્તારમાં રહેતા ચુડાસમા રમેશભાઈ દાનાભાઈની વાડીમાં ચારેક સિંહનો સમૂહ આવી ચડ્યો હતો જે પૈકી એક બાળ સિંહ ખુલ્લા કૂવામાં ખાબકયો હતો. ખેડૂત રમેશભાઈને કૂવામાં કંઈક પડ્યાનો અવાજ આવતા કુવામાં જોતાં એક સિંહ કૂવામાં હોવાનું જણાતા તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં રેન્જ ફોરેસ્ટર એન.એમ. પંપાણીયા, ડી.વી.મકવાણા, શીતલબેન ગોરડ, મોહિતભાઈ વૈષ્ણવ સહિત ટ્રેકર ગાર્ડની રેસ્કયુ ટીમ તુરંત ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સિંહને કુવામાંથી બહાર કાઢવા કવાયત હાથ ધરી હતી. અંદાજે ત્રણેક કલાકની જહેમત બાદ બાળ સિંહને વનની રેસ્કયુ ટીમ દ્વારા સહીસલામત બહાર કાઢી લેવાયો હતો. વન વિભાગના જણાવ્યા અનુસાર અંદાજે ૧ થી દોઢ વર્ષના આ બાળ સિંહને સારવાર અર્થે અમરાપુર એનીમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ હાડ થીજાવતી ઠંડી વચ્ચે વહેલી પરોઢે ખુલ્લા કુવામાં ખાબકેલ સિંહબાળ ઠંડીના કારણે વધુ જોખમી સ્થિતિમાં હતો જો કે ખેડૂત અને વન વિભાગની રેસ્કયુ ટીમની સમયસૂચકતાના કારણે બળ સિંહનો જીવ બચી જવા પામ્યો હતો.

# ખંભાળિયા નગરપાલિકામાં હવે કર્મચારીઓને પગારના પણ સાંસા : દિવાળી પછી કર્મચારીઓને પગાર મળ્યો નથી !!!

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાની ભાજપ શાસિત નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી આર્થિક ખેંચ તેમજ પગારના અને લાઈટ બિલના સાંસા બની રહ્યા છે. ત્યારે દિવાળી બાદથી અનેક કર્મચારીઓના પગાર પણ ન થતા આ બાબતે કર્મચારીઓમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે. ખંભાળિયા નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ સાથે વહીવટ પણ જાણે ખાડે ગયો હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. નગરપાલિકાને લાઈટ બિલ તેમજ પીવાના પાણીના ઘણા સમયથી બાકી રહેલા કરોડો રૂપિયાના બિલ ચૂકવી શકાયા નથી. ત્યારે આ પરિસ્થિતિમાં હવે પગાર ચૂકવવાના પણ પૂરતા પૈસા ન હોવાથી પાલિકાના કર્મચારીઓ, રોજમદારો કફોડી હાલતમાં મુકાઈ ગયા છે. તાજેતરમાં ઓક્ટોબર માસમાં દિવાળી હતી. તેથી ઓક્ટોબર માસનો પગાર નવેમ્બર માસમાં મળે તે ઓક્ટોબર માસમાં જ અપાઈ ગયો હતો. પરંતુ તે પછી નવેમ્બરનો પગાર હાલ ડિસેમ્બર માસના દિવસો થઈ ગયા હોવા છતાં ચૂકવવામાં



આવ્યો ન હોવાથી આશરે હાલ આશરે દોઢેક માસથી કર્મચારીઓને પગાર ન મળતા રોજમદાર તેમજ ચોથા વર્ગના કર્મચારીઓને ઉધાર ઉછીના પૈસા મેળવીને ગાડું ગબડાવવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. નગરપાલિકાની વેરા વસૂલાત પણ હાલ ખૂબ જ ઓછી હોય તેમજ સ્વભંડોળમાંથી કરાતા આડેધડ ખર્ચ વચ્ચે કોઈ નવી આવકમાં સંપૂર્ણપણે મીંડાની પરિસ્થિતિ છે, ત્યારે બે દાયકા જુના કરવેરાના માળખાની પરિસ્થિતિમાં હવે નગરપાલિકાના કર્મચારીઓને પગાર આપવાના પણ સાંસા થયાની પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ત્યારે અહીંના રાજકીય આગેવાનો - નેતાઓની કુનેહ અને ઈચ્છા શક્તિ સામે નગરજનોમાં પ્રશ્નાર્થની પરિસ્થિતિ જોવા મળી રહી છે.

# ખંભાળિયાની સેવાકુંજ હવેલીના ઉપક્રમે રવિવારે વિના મૂલ્યે રક્તદાન અને નિદાન કેમ્પના આયોજનો

(પ્રતિનિધિ દ્વારા)જામ ખંભાળિયા તા.૧૭

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી શ્રી સેવાકુંજ હવેલી અનેક વૈષ્ણવોની આસ્થાનું અનેરૂ કેન્દ્ર છે. જેના દ્વારા વિવિધ ધાર્મિક તેમજ સામાજિક કાર્યો કરવામાં આવે છે. શ્રી સેવાકુંજ હવેલી સંચાલિત કૃતાર્થ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી રવિવાર તારીખ ૨૨ ના રોજ રાત્રે નગર ગેઈટ પાસે આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે વિના મૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ તથા રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પેથોલોજી લેબોરેટરીના મુકેશભાઈ તન્ના (શિવમ લેબોરેટરી વાળા) પોતાની સેવાઓ આપશે. આ સેવા કાર્યમાં સહભાગી થવા તેમજ નિદાન કેમ્પનો લાભ લેવા અને રક્તદાનની સેવા પ્રવૃત્તિમાં સહકાર આપવા ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સેવા કાર્યમાં ડો. નિરવ રાયમગીયા, ડો. ચંદ્રકાંત જાદવ સહીતનાં ડોકટરો જોડાશે.

# વિસાવદર તાલુકાનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ ડિસેમ્બરના યોજાશે

જૂનાગઢ, તા.૧૭

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિસાવદર તાલુકા માટે તા.૨૪/૧૨/૨૦૨૪ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન, વિસાવદર ખાતે યોજાશે.

### અવસાન નોંધ

વિસાવદર : વિસાવદરના સૌના ગુરૂ અને સિનિયર મોસ્ટ એડવોકેટ રાઘવજીભાઈ દેવશીભાઈ પટેલ (આર.ડી. પટેલ) (ઉ.વ. આ.૮૮) તેઓ સમીરભાઈ પટેલ એડવોકેટ તથા ચિરાગભાઈના પિતાનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.

રાજકોટ : રાજકોટ નિવાસી શ્રી રાજુ મુરલીભાઈ મનવાણી(ગુરૂકૃપા અનાજ ભંડાર) તે સ્વ.મુરલીભાઈ ચીમનલાલ મનવાણીના પુત્ર તથા મનીષ તથા સ્વ.દિનેશના મોટાભાઈ તથા જય અને પાર્થના પિતાશ્રી રાજુ મુરલીભાઈ મનવાણીનું તા.૧૫-૧૨-૨૦૨૪, રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું પઘડિયું તા.૧૮-૧૨-૨૦૨૪, બુધવારના રોજ સાંજે ૫ વાગ્યે- બાલમુકુંદ હોલ, એરપોર્ટ રોડ ફાટક પાસે, રાજકોટમાં રાખેલ છે.

# માણાવદરમાં ઈકેવાયસી માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરી

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૭

સરકાર દ્વારા એનએફએસએ અને નોન એનએફએસએ રાશનકાર્ડ ધરાવતા તમામ નાગરિકોના ઈકેવાયસી કરવાની કામગીરી ચાલું હોય જે અનુસંધાને કોઈપણ નાગરિક ઈ-કેવાયસીથી વંચિત ન રહી જવા પામે તે માટે નીચે જણાવેલ તારીખ, સ્થળ અને સમય મુજબ નગરપાલિકા અને તાલુકા વહિવટી તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ ઈ-કેવાયસીની કામગીરી માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હોય તો આ કેમ્પમાં વધુમાં વધુ નાગરિકોએ લાભ લેવા અને ઈ-કેવાયસી કરાવવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

તા.૧૭-૧૨-૨૦૨૪ અશોકવટીક, ન.પા. સંપ સાંજના ૬ થી ૯, તા.૧૮-૧૨-૨૦૨૪ સતવારા સમાજની વાડી સાંજના ૬ થી ૯, તા.૧૯-૧૨-૨૦૨૪ ગિરીરાજ નગર ન.પા. કોમ્યુનિટી હોલ સાંજના ૬ થી ૯, તા.૨૦-૧૨-૨૦૨૪ બાલકૃષ્ણનગર ન.પા. કોમ્યુનિટી હોલ સાંજના ૬ થી ૯, તા.૨૧-૧૨-૨૦૨૪ જીનીયશ સ્કૂલ, દિવાનપરા સાંજના ૬ થી ૯, તા.૨૩-૧૨-૨૦૨૪ વાલ્મિકી વાસ ગરબી ચોક મીતડી રોડ સાંજના ૬ થી ૯, તા.૨૪-૧૨-૨૦૨૪ ન.પા. કોમ્યુનિટી હોલ, શ્રીનાથજી સોસાયટી, બાપા સીતારામની મઢુલી પાસે સાંજના ૬ થી ૯ દરમ્યાન થઈ શકશે.

# ખંભાળિયા નજીકના કેનેડી બ્રિજ પાસે ૯૦ લાખના ખર્ચે બનશે ડાઈવર્ઝન : લાંબી પ્રદક્ષિણાથી લોકોને કામચલાઉ રાહત

## લાંબા સમયથી ત્રસ્ત વાહનચાલકો તથા લોકો માટે પગલું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ખંભાળિયા શહેરની પાદરમાં આવેલા ખામનાથ મહાદેવ મંદિર પાસે આવેલો ખામનાથ પુલ કે જે કેનેડી બ્રિજ તરીકે ઓળખાય છે, આ પુલ જૂનો અને જર્જરીત બની જતા તંત્ર દ્વારા ઘણા સમય પૂર્વે આ પુલના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેતા આ વિસ્તારમાંથી અવર-જવર માટે લોકોને સાત-આઠ કિલોમીટર લાંબી પ્રદક્ષિણા કરવી પડતી હોય, આગામી દિવસોમાં નદીના પટ વિસ્તારમાંથી કામ ચલાઉ ધોરણે પાકો રસ્તો બનાવવા માટે રૂ. ૯૦ લાખના ખર્ચે કામગીરી શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ખંભાળિયા શહેરમાંથી રામનગર, ભાણવડ, પોરબંદર વિગેરે તરફ જવા માટે ખામનાથ મંદિર નજીક આશરે ૧૨૦ વર્ષ જૂનો રજવાડાના સમયનો ખામનાથ પુલ (કેનેડી બ્રિજ) આવેલો છે. સમય જતા ખખડી ગયેલા આ પુલને સાવચેતીના પગલાં રૂપે વાહન ચાલકો તેમજ લોકોની અવાર-જવર માટે તંત્ર દ્વારા આશરે નવેક માસ પૂર્વે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. ત્યારે આ પુલ બંધ થઈ જતા જુદા જુદા વિસ્તારોમાં



અવાર-જવર કરતા લોકોને સાત-આઠ કિલોમીટરની પ્રદક્ષિણા કરવી પડતી હોય, આ મુદ્દે આવેદનપત્ર આપવા સહિતની માંગણીઓ તંત્ર સમક્ષ કરવામાં આવી હતી. આ વચ્ચે નદીના પટમાંથી કાચો રસ્તો બનાવવામાં આવ્યો હતો. જે ધોવાઈ જતા લોકોની સમસ્યા "જૈસે થે" બની રહી હતી. આ મુદ્દે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને કરવામાં આવેલી રજૂઆત બાદ નદીના પટ વિસ્તારમાંથી મજબૂત ડાઈવર્ઝન બનાવવા માટે ટેન્ડરિંગ પ્રક્રિયા કરવામાં આવી હતી. જે પછી પુલની નજીક નદીના પટ વિસ્તારમાંથી રૂપિયા ૯૦ લાખના ખર્ચે સુવ્યવસ્થિત રીતે ડાઈવર્ઝન બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. કરોડ રૂપિયાના ખર્ચે બનનારા કેનેડી બ્રિજની કામગીરી હાલ સંપૂર્ણપણે અધ્ધરતાલ છે અને આ પુલ બનવામાં લાંબો સમય નીકળી જાય તેવી પૂરી શક્યતા છે. જે વચ્ચે ડામર રોડ સાથેનું આ પાકુ ડાઈવર્ઝન આગામી દિવસોમાં બની જશે. જેથી અહીંથી જુદા-જુદા વિસ્તારમાં અવર-જવર કરતા રહીશો તથા વાહન ચાલકોને રાહત બની રહેશે.

# ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં કૌશલ્યલક્ષી અભિગમ કેળવાયએ હેતુથી સ્કિલ કોમ્પિટિશનનું આયોજન



જૂનાગઢ, તા.૧૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી જૂનાગઢ પ્રેરિત તેમજ સમગ્ર શિક્ષા જૂનાગઢ આયોજિત વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત જિલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ એટલે કે સ્કિલ કોમ્પિટિશનનું આયોજન આજરોજ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે કરવામાં આવ્યુ હતું. ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સાથે વ્યવસાયલક્ષી અભિગમ કેળવાય અને પોતાના મનપસંદ ક્ષેત્રમાં તે આગળ વધી શકે અને કૌશલ્યલક્ષી અભિગમ કેળવાય એ હેતુથી આયોજિત આ કૌશલ્યોત્સવમાં જૂનાગઢ જિલ્લાની ૪૨ શાળાઓના ૧૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાય, એન.આર.ઉમરડિયા આઈ.ટી.આઈ જૂનાગઢ, આરવી મોરવાડિયા મહિલા આઈ.ટી.આઈ, દેવેનભાઈ રાઠોડ ડી.ઈ.ઓ કચેરી, જલ્પાબેન ક્યાડા, જ્યોત્સનાબેન પરમાર સમગ્ર શિક્ષા જિલ્લા કોર્ડીનેટર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંદીપભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૂનાગઢ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જૂનાગઢ આરોગ્ય વિભાગ દ્વારા કોલ્ડવેવમાં નાગરિકોને સાવચેતી માટે માર્ગદર્શીકા

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ જિલ્લાના નાગરિકો આ શિયાળાની ઋતુમાં બીમારીમાં ઝડપાય તે માટે જિલ્લાનું આરોગ્ય વિભાગ સાર સંભાળ લઈ રહ્યું છે, તે માટે જિલ્લાના નાગરિકોને ઠંડીથી બચવા માર્ગદર્શીકા જાહેર કરી છે. જેને અનુસરવા આરોગ્ય વિભાગ દ્વારા આપેલ કરવામાં આવી છે. ઠંડા ખાણી-પીણી ટાળો, ગરમ ખાવું તેમજ ગરમ નવશેકું પાણી પીવું, વિટામિન-સી આપતા ફળો ખાવા, પૌષ્ટિક સાદો આહાર લેવો, ઠંડીમાં શરીરને વધુ કેલેરી જોઈએ છે તેથી ભૂખ્યા ન રહેવું.

આરોગ્ય વિભાગની તબીબી સલાહ મુજબ ઠંડીના દિવસોમાં શક્ય એટલું બહાર નીકળવાનું ટાળવું, બહાર જવું જ પડે ટુ-વ્હીલર કે ચાલીને તો ગરમ કપડા, હાથમાં ટોપી, ચશ્મા, મફલર નો પૂરતો ઉપયોગ કરવો. ચુસ્ત કપડા ન પહેરો કારણ કે તે રક્તપરીભ્રમણ ઘટાડી બીજી સમસ્યા સર્જી શકે છે.

એક ગરમ કોર્ટનું બદલે શરીરને અંદર ગરમ વસ્ત્ર, ઉપરકોટનું વસ્ત્ર અને જરૂર પડે ઉપર સ્વેટર એમ એકથી વધુ લેયરમાં વસ્ત્રો ઠંડીથી રક્ષણ આપે છે. મહત્વનું છે કે આ જ રીતે રાત્રે ઓઢતી વખતે એક ગરમ બ્લેક્કેટને બદલે એક થી વધુ લેયરમાં ઓઢવાથી વધુ હૂફ મળે છે. ઠંડીમાં માસ્ક પહેરવાથી ઠંડીની સાથે પ્રદૂષણથી પણ રક્ષણ મળી શકે છે. ઠંડીમાં પણ ઓક્સિજનની જરૂર છે તેથી વેન્ટિલેટરની પૂર્તિ વ્યવસ્થા રાખવી. આ ઉપરાંત બાળકો, વૃદ્ધો અને સગર્ભા માટે ઠંડી વધુ જોખમી છે તેમનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. શરીરનો કોઈ પણ ભાગ ઠંડો પડી જાય તો મસાજ કરવાથી વધુ નુકસાન થઈ શકે છે. કોઈને પણ ઠંડીમાં ચામડી સુન્ન કે ખોટી પડે, લાલ ફોલ્લા થાય, ત્વચા કાળી પડે, નાક-કાનની ચામડી સફેદ કે પીળી થાય તો તુરંત જ નજીકની હોસ્પિટલે ખસેડવા પણ આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે રાજ્યકક્ષાનું સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન



જૂનાગઢ, તા.૧૭

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાનું સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે. ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં વસતા અને પોતાની અલગ ઓળખ ધરાવતા વિશેષ પ્રતિભાશાળી સિદ્દી બહેનો-ભાઈઓને એક વિશેષ તક આપવા ગુજરાત કટીબંધ છે. ત્યારે આગામી દિવસોમાં વર્ષ ૨૦૩૬ના ઓલમ્પીકને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા આ કેમ્પ યોજવામાં આવેલ છે. તે અંતર્ગત તા.૧૫/૧૨/૨૦૨૪ થી ૨૭/૧૨/૨૦૨૪ દરમ્યાન બહેનો અને ભાઈઓ એમ બે વિભાગમાં સાત દિવસીય તાલીમ શિબિર અને પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેના ભાગરૂપે બેઠક નુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપી સિદ્દી બહેનો-ભાઈઓના રમત કૌશલ્યની ઓળખ કરવામાં આવશે આ તાલીમ કેમ્પમાં ગુજરાતના દરેક જિલ્લાની જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ડોર ટુ ડોર નોધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. અને સમગ્ર ગુજરાતમાં ૮ થી ૧૪ વર્ષના બાળકોની જિલ્લાકક્ષાએ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી, જેઓના હવે રાજ્યકક્ષાએ સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ તા.૧૫ થી ૨૭ ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જૂનાગઢ ખાતે યોજવામાં આવી રહ્યો છે. આ કેમ્પમાં તેઓને તાલીમ ભોજન, નિવાસ, ટી-શર્ટ અને આવવા-જવાનું પ્રવાસ ભથ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવનાર છે. આવા પ્રયાસોથી સમગ્ર ગુજરાતમાં રહેલ રમત પ્રતિભાઓને અને ખાસ કરીને જંગલ વિસ્તારમાં રહેલી સુષુપ્ત શક્તિને ઉજાગર કરી વર્ષ ૨૦૩૬ ઓલમ્પીક માટે તૈયાર કરવાની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તૈયારી કરવામાં આવી છે. જેની સત્તાવાર યાદી ભૂષણ કુમાર યાદવ, જિલ્લા રમત વિકાસ અધિકારી, દ્વારા જણાવવામાં આવે છે.

# અભિનવ વિદ્યામંદિર ગીરગઢડા મુકામે તાલીમ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૭

શ્રી અભિનવ વિદ્યામંદિર ગીર ગઢડા મુકામે બ્રહ્મ સમાજ સેવા સંસ્થા મહેસાણા દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ - આપત્તિ વ્યવસ્થા અંતર્ગત વિદ્યાર્થીઓ અને ગુરૂજનો માટે એક ખાસ તાલીમ શિબિરનું આયોજન થયું હતું. આ કાર્યક્રમ માં માનવસર્જિત અને કુદરતી હોનારતો અને આફતોમાં કેવી રીતે પોતાનો અને અન્યનો બચાવ કરવો તેમ જ તકેદારી તેમજ સાવચેતીના કેવા પગલાં લેવા તેનું સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સામાન્ય રીતે આ પ્રકારની તાલીમ શિબિર વિવિધ સંસ્થાઓ માટે થતું હોય છે પરંતુ શ્રી અભિનો વિદ્યામંદિર શાળા પરિવારને આ તક આપી ગૌરવાન્વિત કર્યા છે. આ કાર્યક્રમનાં તજજ્ઞ તરીકે રીટાબા




જાડેજા, રુદ્રેશભાઈ જોષી, સુનિલકુમાર રિપલબેન અને તેમની ટીમે ખૂબ જ સહમતપૂર્વક તલસ્પર્શી માહિતી આપી વિદ્યાર્થીઓને ગુરૂજનોને તલસ્પર્શી તાલીમ અને માહિતી આપી. બ્રહ્મ સમાજ સેવા સંસ્થા દ્વારા શાળાને રાણકી વાવની તસ્વીર અને તમામ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૮૫૦ જેટલી સંખ્યામાં રહેલા વિદ્યાર્થીઓ અને ગુરૂજનો માટે સ્વાદિષ્ટ વાનગી સહિતનાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તાલીમ શિબિરમાં બ્રહ્મ સમાજ સેવા સંસ્થા મહેસાણા અને તેમની તજજ્ઞ ટીમનાં લાગણી, ભાવ અને સ્નેહ સૌને અભિભૂત કરી ગયા. સમગ્ર કર્મચારીગણની અથાગ મહેનતનાં કારણે ટૂંક સમયમાં આ કાર્યક્રમનું સફળ આયોજન થઈ શક્યું. ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ગુરૂજનોએ ભોજન લીધું હોવા છતાં પણ અન્નના એક પણ દાણાનો બગાડ થયા વગર જે શિસ્ત અને સંયમપૂર્વકનું આયોજન જોઈ સમગ્ર તજજ્ઞોની ટીમે પણ અભિનવ શાળા પરિવારને બિરદાવ્યો હતો. શાળા પરિવાર તરફથી બ્રહ્મ સમાજ સેવા સંસ્થા મહેસાણા અને તેમની ટીમને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

# મહા આદ્રા નક્ષત્રમાં શ્રી સોમનાથ મહાદેવની વિશેષ પૂજા કરવામાં આવી

## સોમનાથમાં શતરૂદ્રિય અભિષેક કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ તા.૧૭

માર્ગશીર્ષ કૃષ્ણ એકમ માગશર માસનો મહા આદ્રા નક્ષત્ર યોગ છે. ભગવાન શિવ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને એ દિવસે લિંગની સૌપ્રથમ પૂજા ભગવાન બ્રહ્મા વિષ્ણુએ કરી હતી. ત્યારે આજરોજ એ પવિત્ર ભૂમિ પ્રભાસમાં પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરમાં સોમનાથ દાદાની વિશેષ મહાપૂજા કરવામાં આવી હતી. ભગવાનને પવિત્ર દ્રવ્યોથી અભિષેક કરી દેવાધિદેવ મહાદેવ પાસે વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી.

આ દિવસે સોમેશ્વર ભગવાન શિવ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને એ દિવસે લિંગની સૌપ્રથમ પૂજા ભગવાન બ્રહ્મા વિષ્ણુએ કરી હતી એ દિવસથી જ ભગવાન શિવના લિંગ સ્વરૂપની પૂજા શરૂ થઈ.

આ દિવસે ભક્તો શિવ દર્શન કરવા મંદિરે જતા હોય છે. શિવ પૂજા અર્ચના,આરતી કરીને મહાદેવને પ્રસાદી અર્પણ કરી પુણ્ય અર્જન કરતા હોય છે. કેહવામાં આવે છે કે આ દિવસે શિવલિંગની પૂજા કરવાથી અનેક ગણું ફળ પ્રાપ્ત થાય છે. શિવજીની આરાધના કરી પંચાક્ષર સ્તોત્રનું પઠન કરવાનો મહિમા છે સાથે દીપ જ્યોતિ કરીને મહાદેવને પ્રસન્ન કરી શકાય છે.

# શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત (સંડેર)ના શિલાપૂજનનું આમંત્રણ આપવા મા ખોડલના રથનું ગામડે ગામડે પરિભ્રમણ

## ૧૫ ડિસેમ્બરથી ૧૯ જાન્યુઆરી સુધી મા ખોડલનો રથ અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ જિલ્લાના ગામડાઓમાં પરિભ્રમણ કરશે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૭

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ ગુજરાતના વિવિધ ઝોનમાં શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે શ્રી ખોડલધામ સંકુલ ઉત્તર ગુજરાતનું પાટણ જિલ્લાના સંડેર ગામ પાસે નિર્માણ કાર્ય થઈ રહ્યું છે. આગામી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત સંકુલનો સંડેર ખાતે ૧૦૦૮ શિલાપૂજન સમારોહ યોજાવા જઈ રહ્યો છે. આ શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા માટે મા ખોડલ રથમાં બિરાજમાન થઈને ગામડે ગામડે પરિભ્રમણ કરશે. આ રથ પરિભ્રમણની શરૂઆત તારીખ ૧૫ ડિસેમ્બરને રવિવારના રોજ બાયડ તાલુકાના ભુડાસણ ગામથી થઈ હતી. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ભુડાસણ ગામે ૧૫ ડિસેમ્બરના રોજ મા ખોડલના રથનું આગમન થયું હતું. જ્યાં ગ્રામજનોએ વાજતે-ગાજતે મા ખોડલના રથને વધાવ્યો હતો. પાંચ કુવારિકાઓ દ્વારા રથના સામૈયા કરવામાં આવ્યા હતા. સાથે જ ગ્રામજનો દ્વારા આપવામા આવેલી શિલાનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મા ખોડલની આરતી કરીને સૌ રાસ-ગરબે રમ્યા હતા. ભુડાસણ ગામેથી રથનું પ્રસ્થાન થયું હતું ત્યારબાદ રથ ઉંટરડા, લીંબ, નવી વાસણી, જુની વાસણી, ચાંદરેજ, આંબલીયારા ગામમાં ફર્યો હતો. તમામ ગામમાં લોકોએ રથને આસ્થાભેર આવકાર્યો હતો. તમામ ગામમાંથી એક-એક શિલા લેવામાં આવી હતી. આ શિલા મંદિર નિર્માણમાં ઉપયોગ કરવામાં આવશે. રથ પરિભ્રમણની સાથે સાથે તમામ ગામના લોકોને આમંત્રણ પત્રિકા આપીને ૨૧ જાન્યુઆરીના રોજ યોજાનાર શિલાપૂજન સમારોહમાં પધારવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાતના શિલાપૂજન સમારોહનું રૂબરૂ આમંત્રણ આપવા માટે મા ખોડલનો રથ ૧૫ ડિસેમ્બરથી પ્રસ્થાન થઈને ૧૯ જાન્યુઆરી સુધી અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ જિલ્લાના વિવિધ ગામડાઓમાં પરિભ્રમણ કરશે. ૧૯ જાન્યુઆરીના રોજ પાટણ જિલ્લાના સંડેર ખાતે શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાત સંકુલ ખાતે રથ પરિભ્રમણનું સમાપન થશે અને ત્યાં મહાઆતી કરવામાં આવશે.

# આજની જનરેશન પ્રકૃતિ તરફ વડે તે માટે ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

આજની જનરેશન પ્રકૃતિ તરફ વડે, પ્રકૃતિને મહત્વ સમજે સાથે પક્ષી અને વૃક્ષોને ઓળખે સાથે ફોનથી દૂર રહે તે ઉદેશ્યથી તારીખ ૧૫-૧૨-૨૪ રવિવારના રોજ હોલીડે એડવેન્ચર એક્ટિવિટી સંસ્થા દ્વારા ૬ થી ૧૯ વર્ષના બાળકોનો એક દિવસીય ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરેલ હતું. આ કેમ્પમાં કુલ ૫૦ બાળકો અને ૧૦ ટ્રેનરએ ભાગ લીધો હતો અને બાળકોને જોગણીયા પર્વત ઉપર ૧૮૦૦ ફૂટની ઉંચાઈ ઉપર ટ્રેકિંગ કરાવેલ હતું. સાથે રેપલિંગ, કેવીન્ગ, રોક ક્લાઈમ્બિંગ, બર્ડ વોચિંગ અને દોરડાની ગાંઠ વિષે માહિતી જેવી બાબતો શીખડાવી હતી અને સાથે દરેક બાળકને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો યુઝ ન કરવા અને પ્રકૃતિનું જતન કરવાના સોગંધ લેવડાવ્યામાં આવેલ હતા. કેમ્પ પૂર્ણ થયે બહાઉદ્દીન કોલેજના પ્રોફેસર ડો. પરેશ પોરીયા તથા ડો. શતીષ ઘેલાણી દ્વારા દરેકને મેડલ અને સર્ટી આપી પ્રોત્સાહિત કરેલ હતા. તેમજ આ કેમ્પને સફળ બનાવા કલ્પેશ શાંખલા, પી.સી. ભટ્ટ, મેંદપરા ડેનિશ, જગદીશ પારઘી, સકીનાબેન જરીવાલા, મેહુલ રાજપરા વગેરેએ મહેનત કરી ૩૯ મો એક દિવસીય કેમ્પ સફળતા પૂર્વક સંપન્ન થયેલ હતો.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ- સોમનાથ શૈક્ષણિક સંકુલમાં મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૭



પ્રભાસ પાટણ (સોમનાથ)માં શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર તેમજ એમ.જે. સ્વામિનારાયણ હાઈસ્કૂલ માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ તેમજ શ્રી સ્વામિનારાયણ બી.એડ. કોલેજના સંયુક્ત ઉપક્રમે આજરોજ સેવ વુમન ફ્રોમ સાઈલન્ટ કિલર (Save Women From Silent Killer) અંતર્ગત મહિલા જાગૃતિ અભિયાન- અમદાવાદ પ્રેરિત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં મહિલા ટીમ લીડર ચેતનાબેન હિરપરા, અશ્વિનીબેન, મનસાદેવી દ્વારા આ શાળા/કોલેજમાં અભ્યાસ કરતા બહેનોને ગાયનેક સમસ્યાઓ અને તેના ઉકેલ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. મહિલાઓના મનમાં રહેલ જાતીય પ્રશ્નોનું નિરાકરણ લાવીને પોતાની સાર સંભાળ કેવી રીતે રાખવી જોઈએ ? પોતાનો સ્વ-બચાવ કેવી રીતે કરવો જોઈએ? તેનું ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવેલ.જેનાથી એક સ્વસ્થ સમાજનું નિર્માણ થાય અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું સ્તર ઊંચું લાવી ને "બેટી બચાવો બેટી પઢાઓ" ના સૂત્રોને સાર્થક કરી આ અભિયાન આગળ વધારી મહિલાઓના જીવ બચાવી શકાય, સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાજલબેન અકબરી દ્વારા કરવામાં આવેલ અને અંતે આભાર વિધિ અંજલીબેન ગોહેલ દ્વારા કરવામાં આવેલ.

# માગશર પૂનમના શુભ દિવસે લલિતામ્બા માતાની મૂર્તિ સ્થાપના કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૭

શ્રી દ્વારકાશારદામઠ સંચાલિત શ્રીશંકરાચાર્યગુરુકુલમ્ દ્વારકા ખાતે ચાલી રહેલા ત્રિદિવસીય ભગવતી રાજરાજેશ્વરી ત્રિપુરાસુંદરી લલિતા માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના અંતિમ દિવસે વિશેષ હોમ કાર્ય સમ્પન્ન કરી ભગવતીની વિધિ પૂર્વક મંદિરમાં સ્થાપના કરાઈ. આ પુણ્ય વેલાએ બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજી તથા પિનાકીનભાઈ, અશ્વિનભાઈ, વૈદિક બ્રાહ્મણો, ૫૦૦ બટુકોની ઉપસ્થિત માં ભગવતીની



મહાઆરતી કરવામાં આવી હતી. આજથી આરંભીને ભગવતી પરામ્બાની નિત્ય શ્રૃંગારાદિ સેવાનો ક્રમ ચાલતો રહેશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ઘટતો વિકાસ દર અને વધતી મોંઘવારી

હાલમાં જ આવેલા ચાલુ નાણાંકીય વર્ષની બીજી ત્રિમાસિકમાં સકલ ઘરેલુ ઉત્પાદન એટલે કે જીડીપીના મોરચે સુસ્તીના આંકડાએ હેરાન કરવાનું કામ કર્યું. આ દરમ્યાન જીડીપીમાં ઘટાડાના અણસાર તો હતા જ, પરંતુ તેમાં આટલો ઘટાડો વ્યાપક અનુમાનોથી વિપરીત જ રહ્યો. આ પરિદૃશ્યથી પ્રભાવિત થયા વિના ભારતીય રિઝર્વ બેંક એટલે કે આરબીઆઈએ પોતાની હાલની મૌદ્રિક સમીક્ષામાં નીતિગત વ્યાજ દરોને જે પ્રકારે યથાવત રાખ્યા છે તેનાથી એ જ સંકેત મળે છે કે વિકાસની પરવા કરવાની સાથે જ મોંઘવારીને કાબૂમાં રાખવી રિઝર્વ બેંકની સૌથી મોટી પ્રાથમિકતા બની ગઈ છે. સાથે જ ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાંકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દરનું પોતાનું અનુમાન પણ ઘટાડીને ૬.૬ ટકા કરી દીધું છે. તેની પાછળ એક કારણ તો ચાલુ નાણાંકીય વર્ષની બીજી ત્રિમાસિકમાં અર્થવ્યવસ્થાનું કમજોર પ્રદર્શન જ છે, જેનાથી અર્થવ્યવસ્થા માટે ત્રીજી અને ચોથી ત્રિમાસિકમાં પણ એટલી ભરપાઈની આશા નથી કે તે પૂર્વાનુમાનો અનુરૂપ ગતિ પકડી શકે.

બીજી ત્રિમાસિક દરમ્યાન અર્થવ્યવસ્થાના પ્રદર્શનની વાત કરીએ તો જીડીપીના ૫.૪ ટકાની વૃદ્ધિએ ચોંકાવનારું કામ કર્યું. જીડીપીની આ તસવીર આરબીઆઈ, બજારનું આકલન કરનારા વિશ્લેષકોથી માંડીને બજારમાં સક્રિય તત્ત્વોના અનુમાનોથી પણ વિપરીત રહી. અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડવાના સંકેત તો પહેલેથી જ દેખાવા લાગ્યા હતા, પરંતુ ૫.૪ ટકાની વૃદ્ધિ કેટલાય સંકેત આપી જાય છે. તે અર્થવ્યવસ્થામાં સ્થાયિત્વને પણ રેખાંકિત કરે છે. આ ધીમા દરનાં કારણોની તપાસ કરવામાં આવે તો નીતિગત વ્યાજ દરોને ૨૧ મહિનાથી યથાવત રાખનાર આરબીઆઈનું વલણ પણ તેના માટે એક હદ સુધી જવાબદાર છે. તેને લઈને કેટલાય સ્તરો પર અવાજ ઉઠતો રહે છે. ઔદ્યોગિક ગતિવિધિઓને ગતિ આપવા માટે વ્યાજ દરોમાં ઘટાડાની જરૂરને લઈને ચર્ચા લાંબા સમયથી ચાલી રહી છે. જોકે વ્યાજ દરોને લઈને આરબીઆઈના પોતાના તર્કો છે અને એ તેનો વિશેષાધિકાર છે એટલે પરિસ્થિતિઓનું સમગ્ર આકલન કર્યા બાદ તે જ અંતિમ નિર્ણય કરે છે.

ખાધ પર નિયંત્રણ કરવા માટે સરકારી મિતવ્યયિતા પણ વૃદ્ધિની ગતિને પ્રભાવિત કરી રહી છે. સરકારી ખર્ચમાં ઘટાડાથી પણ આર્થિક ગતિવિધિઓ પર અસર પડી રહી છે. ચૂંટણી આચાર સંહિતાને કારણે કેટલીય પરિયોજનાઓનું કામ ચૂંટણી પત્યા બાદ પણ સરખું ચાલુ નથી થયું. હવામાન ઘટનાઓએ પણ ખનન ગતિવિધિઓને અવરોધી રાખી તો સારા વરસાદને કારણે વીજળીની માંગ સીમિત રહી. બીજા ત્રિમાસિકમાં ખનન અને વિદ્યુત ક્ષેત્રોમાં ઘટાડો તેની પુષ્ટિ કરે છે. વૈશ્વિક અસ્થિરતા અને અન્ય કારણોસર નિકાસ પણ સંકોચાઈ, જેની અસર સમસ્ત ઉત્પાદન શૃંખલા પર જોવા મળ્યું. આ દરમ્યાન, કેટલાંય વલણોના આધાર પર એવું જ લાગે છે કે બીજા ત્રિમાસિકમાં અર્થવ્યવસ્થા ફરીથી ગતિ પકડશે. રવી પાકોમાં ઉત્પાદન પણ બહેતર થવાની આશા છે તો સરકારી ખર્ચમાં વધારાથી આર્થિક ગતિવિધિઓ પણ ગતિ પકડતી દેખાશે. એટલે જ આપણે ચાલુ નાણાંકીય વર્ષ માટે ૬.૮ ટકાની આર્થિક વૃદ્ધિના અનુમાનને અત્યાર સુધી સંશોધિત નથી કર્યું. જોકે, અદ્યતન આંકડા બાદ આ અનુમાનને લઈને કંઈક સ્પષ્ટતાથી કહી શકાશે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક અસ્થિરતા અને ભૂરાજકીય તણાવે દુનિયાભરમાં આર્થિક સમીકરણો ખોરવ્યાં છે. હાલમાં અમેરિકન રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ શાંતિ અને સ્થિરતાની આશા વધી છે. આશા છે કે જાન્યુઆરીમાં તેમના કાર્યકાળ સંભાળ્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ શાંત થશે તો રશિયા-યુક્રેન યુદ્ધ ભલે તાત્કાલિક નહીં અટકી જાય, પરંતુ તે વધતું તો બંધ જ થશે. કોવિડ મહામારી બાદથી જ આવા ઝાટકા સામે ઝઝૂમી રહેલી દુનિયા માટે આ બહુ મોટી રાહત હશે. જોકે ટ્રમ્પના આવવાથી નવા પ્રકારના ટેરિફ યુદ્ધની આશંકા વધી રહી છે. માનવામાં આવે છે કે તે આયાત અધિશેષવાળા દેશો સાથે સખ્તાઈ આચરશે. એમ તો એ યાદીમાં ભારત પણ છે, પરંતુ ટ્રમ્પનું નિશાન મુખ્યત્વે ચીન પર રહેશે. જો તે કંઈક આક્રમક વલણ અપનાવે છે તો પહેલેથી જ દબાણ સહન કરી રહેલ નિકાસનો રસ્તો વધુ કઠિન થશે. ચીન પર પણ તેની સખ્તાઈ વૈશ્વિક અર્થવ્યવસ્થા પર અસર કરશે. તાત્કાલિક રીતે તે ભારત માટે કંઈક લાભદાયક પણ બની શકે છે. એવું એટલા માટે, કારણ કે ભારતીય ઉત્પાદન શૃંખલા એક મોટી હદ સુધી ચીની ઈનપુટ્સ પર આશ્રિત છે તો સંભવિત અમેરિકી પ્રતિબંધોને કારણે ચીની ઉત્પાદન ઓર સસ્તામાં ઉપલબ્ધ થઈ શકે છે, જેનાથી મેન્યુફેક્ચરિંગ કિફાયતી થશે. ચીની અર્થવ્યવસ્થા મુખ્ય રૂપે નિકાસ પર કેન્દ્રિત છે અને જો અમેરિકા તેના ઉત્પાદનો માટે લાલ ઝંડી દેખાડશે તો તેણે અન્ય બજારોમાં પોતાનાં ઉત્પાદનો ખપાવવાં પડશે. ભારતના દૃષ્ટિકોણથી એ પણ સકારાત્મક દેખાય છે કે શાંતિ અને સ્થાયિત્વના દોરમાં ક્રુડ ઓઈલના ભાવ હજુ ય ઘટી શકે છે. ચીન દ્વારા મોટા પાયે ઈલેક્ટ્રીક વ્હીકલ્સ એટલે કે ઈવી તરફ સંક્રમણથી પણ ક્રુડ ઓઈલની વૈશ્વિક માંગમાં ઘટાડો થશે. તેને કારણે પણ તેલ ઉત્પાદકો સમક્ષ પોતાના ઉત્પાદનો ખપાવવાનો પડકાર વધશે. મોંઘવારીની વાત કરીએ તો તે હજુ પણ આરબીઆઈના સહજતાવાળા ૪ ટકાના દાયરાથી બહાર છે. એમ તો તમામ ઉપભોક્તા વસ્તુઓની કિંમતો અપેક્ષાકૃત નિયંત્રિત દાયરામાં છે, પરંતુ શાકભાજી અને ફળોની કિંમતોએ મોંઘવારીને હવા આપી છે. ગયા વર્ષે પણ શિયાળામાં ફળ-શાકભાજીના ભાવ ઊંચા રહ્યા હતા. જોકે આ વખતના શિયાળામાં ભાવ કંઈક ઘટવાની આશા છે. આ પાસાંને જોતાં આરબીઆઈ હજુ પણ વ્યાજ દરો ઘટાડવાને લઈને સંકોચ કરી રહી છે, કારણ કે તે નથી ઈચ્છતી કે મૌદ્રિક નરમાઈથી સ્થિતિઓ હાથમાંથી નીકળી જાય. બહેતર પૂરવઠાના અણસાર જોતાં હવે એ આશા લાગે છે કે ફેબ્રુઆરીમાં વ્યાજ દર ઘટવાની કોઈ સ્થિતિ બની શકે છે.

# રણની સંસ્કૃતિ અને પ્રવાસનને ઉજાગર કરતો રણોત્સવ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ને સાકાર કરવાનો અવસર

## વર્ષ ૨૦૦૫માં ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે શરૂ થયેલો 'રણોત્સવ' આજે ગ્લોબલ ઈવેન્ટ બની છે



(પ્રતિનિધિ દ્વારા) કચ્છ તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સફેદ રણ ધોરડો ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કચ્છી કલા અને સંસ્કૃતિને રજૂ કરતી વિવિધ પ્રસ્તુતિઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિહાળી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ઉપસ્થિત મહાનુભાવોની સાથે ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા "રણોત્સવ" થીમ આધારિત નવીન વિશેષ પોસ્ટલ કવરનું અનાવરણ કર્યું હતું. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ એવા સરદાર પટેલની પુણ્યતિથિએ તેમને વંદન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જેવી રીતે સરદાર સાહેબે દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારત બનાવ્યું તેવી જ રીતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના જ પદ ચિહ્નો ઉપર ચાલીને "એક ભારત શ્રેષ્ઠ ભારતનું" નિર્માણ કર્યું છે. આ માટે તેમણે દેશના તમામ રાજ્યોની ભાષા, સંસ્કૃતિ અને પ્રવાસનને મહત્વ આપ્યું છે. રણની સંસ્કૃતિ અને પ્રવાસનને ઉજાગર કરતો આજનો આ રણોત્સવ પણ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ને સાકાર કરવાનો જ અવસર છે. ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે લોકો કહેતા કે માત્ર દરિયો, રણ, ડુંગર ધરાવતું ગુજરાત શું વિકાસ કરવાનું હતું. દાયકાઓ સુધી રાજ્યના વિકાસની ગતિવિધિઓ વાપીથી તાપીના પટ્ટા સુધી જ સીમિત રહી હતી. વીજળી, પાણી, રોડ-રસ્તા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવા મોટાભાગના ક્ષેત્રોમાં વિકાસ જે ગતિએ થવો જોઈએ અને જેટલો થવો જોઈએ તેટલો થયો હતો નહિ પરંતુ ગુજરાતને વિઝનરી લીડર શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી તરીકે મળ્યા અને તેમણે ગુજરાતના વિકાસને વૈશ્વિક સ્તરનો બનાવવાની નેમ લીધી. કચ્છને ભૂકંપની તારાજીમાંથી બેઠું કરવાનો મોટો પડકાર તેમણે ઝીલ્યો અને એ આફતને અવસરમાં કેવી રીતે પલટાવી તે દેશ અને દુનિયાએ જોયું. જળશક્તિ સાથે જનશક્તિને જોડીને બેસ્ટ વોટર મેનેજમેન્ટ સાથે કેનાલ અને પાઈપલાઈનના વિશાળ નેટવર્કથી મા નર્મદાના નીર કચ્છના છેવાડાના મોડકૂબા ગામ સુધી પહોચ્યાં છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. રેગિસ્તાનની આ ભૂમિમાં સૂર્યપ્રકાશનો મહત્તમ ઉપયોગ કરીને ૩૦ ગીગીવોટનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક વડાપ્રધાનના વિઝનથી આકાર લઈ રહ્યો છે. કચ્છના વિકાસ માટે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈના વિઝનની વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે વર્ષ ૨૦૦૫માં નરેન્દ્રભાઈએ ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં 'રણોત્સવ'ની શરૂઆત કરાવી, જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી આજે કચ્છનું રણ રણોત્સવથી વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને

**વડાપ્રધાનના વિઝનથી આજે કચ્છ રણોત્સવ થકી પ્રવાસનનું તોરણ બન્યું છે ઉ રણોત્સવ ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા સાથે સ્થાનિક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું માધ્યમ બન્યો છે : અમદાવાદ એરપોર્ટથી રણોત્સવ જવા માટે ધોરડો સુધી સીધી વોલ્વો બસ સેવા શરૂ કરાઈ છે**

"બેસ્ટ ટુરિઝમ વિલેજ"નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું માધ્યમ પણ બન્યો છે. રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના કારણે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્રોત ઊભો થયો છે અને પરંપરાગત કલાકૃતિઓને વૈશ્વિક બજાર મળ્યું છે. અહીનું ક્રાફ્ટ બજાર ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે ઉત્તમ પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપના મૃતકોની સ્મૃતિમાં બનેલા સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના ત્રણ સૌથી સુંદર મ્યુઝિયમમાં આ વર્ષે સ્થાન મળ્યું છે. કચ્છને વૈશ્વિક સ્તરે મળેલા આ સન્માનથી ગુજરાતની ગૌરવ ગાથામાં વધુ એક સીમાચિહ્ન અંકિત થયું છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. રાજ્ય સરકારે કચ્છને આપેલી પ્રવાસન સુવિધા વિશેની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ વર્ષે અમદાવાદ એરપોર્ટથી રણોત્સવ જવા માટે ધોરડો સુધી સીધી વોલ્વો બસ સેવાઓ શરૂ કરવામાં આવી છે. જેના કારણે દેશ-વિદેશના પ્રવાસીઓ હવે એરપોર્ટથી સીધા જ સફેદ રણ સુધી પહોંચી શકે છે. રણોત્સવની શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષે ૭ લાખથી વધુ પ્રવાસીઓએ કચ્છની મુલાકાત લીધી હતી. કચ્છ રણોત્સવમાં આવતા પ્રવાસન પ્રેમીઓ રણની મોજ માણવા સાથે માતાનો મઢ, માંડવી, કાળો ડુંગર, નારાયણ સરોવર જેવા દર્શનીય સ્થળોની મુલાકાત લઈ શકે તે માટે પણ સરકારે વોલ્વો બસ સેવા શરૂ કરી છે. વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં પ્રવાસન ક્ષેત્રને અગ્રેસર બનાવીને આપણે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની નેમ પાર પાડવી છે. વિકાસ અને વિરાસતનો સમન્વય ધરાવતો આ રણોત્સવ એ માટે દિશાદર્શક બનશે એવા વિશ્વાસ પણ આ તકે મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ નિમિત્તે રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી હંમેશા કલા સાહિત્યથી ધબકતી રહી છે. વડાપ્રધાનના વિઝનથી અને ગુજરાત સરકારના પ્રયાસોથી કચ્છનું સફેદ રણ આજે વર્લ્ડ ફેમસ ડેસ્ટિનેશન બન્યું છે. રણોત્સવ માત્ર ઉત્સવ જ નહીં પણ કચ્છના લોકો માટે રોજગારીનું માધ્યમ બનીને ઊભરી આવ્યો છે. દેશમાં આજે રણોત્સવ કચ્છ સહિત ગુજરાતના લોકો માટે વિકાસના મોડેલ તરીકે પ્રસ્થાપિત થયો છે. પ્રવાસન મંત્રીએ વધુમાં જણાવ્યું કે, લાખો સહેલાણીઓની કચ્છ મુલાકાતથી સ્થાનિક કલાઓને પ્રાધાન્ય મળ્યું છે. રણોત્સવના આયોજનના લીધે કચ્છના કલાકારોને વૈશ્વિક બજાર પ્રાપ્ત થયું છે. મધ્યમવર્ગીય લોકો પણ રણોત્સવ મુલાકાત દરમ્યાન ટેન્ટમાં રોકાણનો લ્હાવો માણી શકે તે માટે રૂા. ૫૪ કરોડથી ૪૬૦થી વધુ ટેન્ટ આગામી સિઝનમાં ઊભા કરાશે તેમ પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું. વધુમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છની સંસ્કૃતિ આજે દેશ દુનિયામાં પહોંચી છે. મુખ્યમંત્રીસાંસ્કૃતિક કાર્યક્રમમાં કચ્છી ખમીર, કચ્છના ભૂગોળ, ઈતિહાસ, કચ્છની સંસ્કૃતિને વર્ણવતી નૃત્ય નાટિકા તેમજ "વ્રજવાણીની આહીરાણીઓ અને ઢોલી"ની અમર કહાની રજૂ કરતો ગરબો નિહાળી અભિભૂત થયા હતા. કચ્છના ઐતિહાસિક સ્થળો, કચ્છની રાજવી વિરાસતો રજૂ કરતો "કચ્છડો બારેમાસ" નાટિકાએ મુખ્યમંત્રી સહિત ઉપસ્થિતો મહાનુભાવોના મન જીતી લીધી હતા. કચ્છ, કચ્છી અને તેની સંસ્કૃતિ તેમજ કચ્છના વિકાયાત્રાને નૃત્ય,સંગીત તથા ગાયન સાથે જીવંત કરતી નૃત્ય નાટિકા રજૂ કરી કલાકારોએ લોકોને ડોલાવ્યા હતા. "મારું મન મોર બની થનગનાટ કરે" ગીતને ગાયક કલાકારે નૃત્યકારો સાથે લાઈવ રજૂ કરીને પ્રવાસીઓના મન મોહી લીધા હતા. પૂર્ણ ચાંદની રાતે લાઈવ પ્રસ્તુતિ"ભોલે નાથ શંકરા" ગીતે ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ ઉપરાંત કચ્છી લોક સંગીત અને કલાઓને ઉજાગર કરતી વિવિધ પ્રસ્તુતિઓને મુખ્યમંત્રીએ નિહાળી હતી.

# શનિવારે રાજકોટમાં ૧૩ કલાક ૧૮ મિનિટની સૌથી લાંબી રાત્રી


## રવિવારથી રાત્રિ ક્રમશઃ ટૂંકી અને દિવસ લાંબો થશે : રાજકોટમાં ૧૩ કલાક ૧૮ મિનિટની સૌથી લાંબી રાત્રી : સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિના કારણે ઉત્તરાયણ કહે છે : પૃથ્વી ઝુકેલી હોવાના કારણે દિવસ-રાત લાંબા-ટૂંકા અને ઋતુઓ બને છે



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૧૭

શનિવાર તા.૨૧ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ કહેવામાં આવે છે. વર્ષની સૌથી લાંબામાં લાંબી રાત, શિશિર ઋતુનો પ્રારંભ અને સૂર્ય ઉત્તરગોળાર્ધ તરફ જવાની શરૂઆત થશે. રવિવારથી સેકન્ડની ગણતરીએ દિવસ લાંબો થશે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ-રાત ૧૨-૧૨ કલાકની બને છે. શનિવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૮ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ-રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે. જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટમાં રાત્રિ ૧૩ કલાક ૧૮ મિનિટ ૧૧ સેકન્ડ, ભાવનગરમાં રાત્રિ ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૦ સેકન્ડ, જુનાગઢમાં રાત્રિ ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રિ ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિ ૧૩ કલાક ૦૧ મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ, ૦૭ સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ ૦૭ સેકન્ડ, કાશ્મીરમાં રાત્રિ ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૦૯ સેકન્ડ લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા. ૨૨ મી રવિવારથી રાત્રી ક્રમશઃ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે છે. નાના-મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે. વધુમાં પંડયાએ જણાવ્યું કે સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે અને પછી ત્યાંથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત્ત કહે છે. પૃથ્વી પરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝુકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો પર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા પર ઊંચે અક્ષાંશે જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. અંતમાં જાથાએ આકાશ તરફ લોકો નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કેળવાય તે માટે અભિયાન આદર્યું છે. આજે લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રિ ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.


# સ્કૂબા ડાઈવર્સ દ્વારા સમુદ્રમાં ડૂબેલી દ્વારકાની જગ્યા ઉપર શ્રી કૃષ્ણના પ્રતિક મોરપિંછ આકારનો હયુમન ફલોટીંગ લોગો બનાવાશે




(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૭

આગામી ૨૧મી ડિસેમ્બરે વર્લ્ડ સક્રન સીટી ડે નિમિત્તે જય દ્વારકા અભિયાન અંતર્ગત દ્વારકાની પંચકુઈ બીચ નજીક જે જગ્યા ઉપર સમુદ્રમાં ડૂબેલી દ્વારકાના અવશેષો પ્રાપ્ત થયા છે તે જગ્યા ઉપર બીચ નજીક અરબી સમુદ્રની અંદર સ્કૂબા ડાઈવર્સની ટીમો દ્વારા હયુમન ફલોટીંગ લોકો બનાવવા પ્રયાસ હાથ ધરાશે. વિશ્વભરમાં ડૂબી ગયેલાં શહેરોના સંરક્ષણની થીમ સાથે મોરપિંછ આકારનો ફલોટીંગ લોગો - ઈમેજ બનાવવામાં આવનાર છે. ૨૧મી ડિસેમ્બરે પંચકુઈ બીચ પર જય દ્વારકાની થીમ સાથે યોજાનાર મેગા ઈવેન્ટમાં સમુદ્રમાં સ્કૂબા ડાઈવર્સની ટીમ દ્વારા ગોળાકાર શેઈપમાં કુલ સાત ભાગોમાં વહેંચાયેલો અને શ્રીકૃષ્ણના પ્રતિક સમા મોરપિંછ આકારનો ફલોટીંગ લોગો બનાવવામાં આવશે. જેને આસમાન પરથી નિહાળતાં સમુદ્ર વચ્ચે ગોળાકાર સાત પાર્ટીશન સાથેનો મોરપિંછથી બનેલો કલાત્મક લોગો દ્રશ્યમાન થશે.

# રાજયના પ્રવાસન મંત્રીની ઉપસ્થિતિમાં જય દ્વારકા કેમ્પેઈનની ગુજરાતી વેબસાઈટ લોન્ચ





દ્વારકા તા.૧૭

તાજેતરમાં ગાંધીનગર ખાતે ITS 6TH WOW - NGO દ્વારા રાજયના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર માસમાં શરૂ કરાયેલ જય દ્વારકા કેમ્પેઈનની વેબસાઈટના ગુજરાતી વર્ઝનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના રવિન્દ્રજીથ તથા અન્ય મેમ્બર્સની ટીમ દ્વારા વીડીયો પ્રેઝન્ટેશનના માધ્યમથી ડૂબેલી દ્વારકા નગરી વિશે થયેલાં લેટેસ્ટ ડીસ્કવરી અને કલ્ચરલ મહત્તા વર્ણવી હતી. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા સંસ્થાના કેમ્પેઈનથી પ્રભાવિત થયા હતા અને આગામી ૨૧મી ડિસેમ્બરના મેગા ઈવેન્ટ અંગે રાજ્ય સરકાર દ્વારા ઉચિત સહયોગ આપવાની સંમતિ આપી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અહંકાર જીવનનો દુશ્મન છે.

- જયદ્‌ગુરુ બાલસ્વામીજી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૨, તા.૧૭ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૫, પુનર્વસુ નક્ષત્ર, બ્રહ્મ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૭, સૂ.અ.૬:૦૮

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સાંજે ૪:૪૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
વૃષભ:લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.
મિથુન:વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
કર્ક: પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.
સિંહ: ભાઈ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.
કન્યા: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
તુલા: સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર થાય.
વૃશ્ચિક:સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.
ધન: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
મકર: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
મીન: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.

# રાજ્યમાં હવે ખાનગી હોસ્પિટલોના મેડિકલ સ્ટોર્સમાંથી દવા લેવા ફરજ પાડી શકાશે નહીં

## સરકારી તંત્ર એકશનમાં : આવા સ્ટોર્સ ઉપર 'દવા લેવી ફરજિયાત નથી'ના બોર્ડ લગાવવા નિર્દેશ

ગાંધીનગર, તા.૧૭

જે રીતે ખાનગી શાળાઓ પુસ્તકો વગેરે પોતાના પાસેથી ખરીદવાનો આગ્રહ રાખે છે તેમ હવે મોટાભાગની ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ મેડિકલ સ્ટોર્સમાંથી જ દવા ખરીદવાનું સૂચનાઓ પણ આપતી હોઈ તેને લઈ ફરિયાદો ઉઠતી રહે છે. દર્દીઓ બ્રાન્ડેડ દવાના બદલે જિનરિક દવા ખરીદવા ઈચ્છતો હોય તો પણ તેને જે-તે હોસ્પિટલમાં આવેલા મેડિકલ સ્ટોરમાંથી દવાની ખરીદી કરવા માટે મજબૂર કરાતો હોય છે. જોકે હવે હોસ્પિટલની અંદર જ ચાલતા મેડિકલ સ્ટોર ઉપરથી દવાની ખરીદી કરવા માટે દર્દીને મજબૂર કરી શકાશે નહીં. રાજ્યમાં જે પણ હોસ્પિટલની અંદરઈનહાઉસ મેડિકલ સ્ટોર આવેલા છે તેમણે બોર્ડ લગાવવાનું રહેશે કે આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજિયાત નથી. સરકારના ખોરાક અને ઔષધ નિયમનતંત્રના કમિશનર ડૉ.એચ.જી. કોશિયા જણાવે છે કે તંત્રના ધ્યાન ઉપર આવ્યા મુજબ રાજ્યમાં આવેલી હોસ્પિટલો દ્વારા તેમની હોસ્પિટલ ખાતે સારવાર કરાવવા આવતા દર્દીઓને ઈનહાઉસ મેડિકલ સ્ટોર ખાતેથી જ દવા ખરીદવા ફરજ પાડવામાં આવતી હોય છે, જેથી દર્દીઓ જિનરિક દવાઓ કે અન્ય સસ્તી દવાઓ મેળવી શકતા નથી અને આર્થિક બોજો સહન કરવો પડે છે. જાહેર જનતાના હિતમાં તંત્ર દ્વારા તમામ હોસ્પિટલોની ઈન હાઉસ મેડિકલ સ્ટોરના સંચાલકોને "આ હોસ્પિટલના દર્દીઓ માટે અહીંથી દવા ખરીદવી ફરજિયાત નથી" એવા સાઈન બોર્ડ પ્રસિદ્ધ કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવ્યું છે, જેથી દર્દીઓ સરળતાથી કોઈપણ મેડિકલ સ્ટોર ખાતેથી દવા ખરીદી શકે. બજારમાં મળતી બ્રાન્ડેડ દવા જેવું જ કન્ટેન્ટ ધરાવતી જિનરિક દવા પણ મળી રહે છે, જે દર્દીઓને સસ્તામાં મળતી હોય છે, પરંતુ હોસ્પિટલમાં ડોક્ટર દ્વારા લખવામાં આવતી દવા ત્યાંથી ખરીદવાનો આગ્રહ રખાતો હોવાના કારણે દર્દીઓ જિનરિકદવા ખરીદી શકતા ન હતા. આ ઉપરાંત મોટા ભાગનાં શહેરોમાં અનેક મેડિકલ સ્ટોર એવા હોય છે, જ્યાં દર્દીઓને ડિસ્કાઉન્ટ મળતું હોય છે, એ પણ દર્દીઓએ જતું કરવું પડતું હતું. ખાનગી હોસ્પિટલોના આગ્રહને કારણે જતું કરવું પડતું હોય છે. આ બધી ફરિયાદો ઉઠતાં આખરે હવે સરકારી તંત્ર એકશનમાં આવી નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. જો કે તેનો અમલ કરાય છે કે કેમ તે યશ પ્રશ્ન છે.

# બર્ફીલા પવનોથી ગુજરાત બન્યું ઠંડુંગાર

અમદાવાદ, તા.૧૭

પહાડી વિસ્તારોમાં તાજેતરમાં થયેલી હિમવર્ષાથી ઠંડીમાં વધારોજોવા મળી રહ્યો છે. માઉન્ટ આબુમાં બરફની ચાદર છવાતા સહેલાણીઓએ ભરપૂર મોજ માણી હતી. રાજ્યમાં હાલ ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોને કારણે લોકો દિવસે પણ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. રાજ્યમાં સૌથી ઓછું ૬ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે,જ્યારે અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં પણ તાપમાનનો પારો ગગડીને ૧૩ ડિગ્રી નીચે જતાં લોકો તાપણાનો સહારો લેતા જોવા મળ્યા હતા. રાજ્યમાં ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોથી ટૂ-વ્હીલર ચાલકો મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા હતા. હાલ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયા હતા અને દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો, જ્યારે રાત્રે પણ રાજયનાઅનેક શહેરોમાં ઠંડુંગાર વાતાવરણ બન્યું હતું. રાજ્યમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનના કારણે મોટા ભાગનાં સેન્ટરો ઉપર તાપમાન ગગડીને ૧૩ ડિગ્રી નીચે જતું રહ્યું ગુજરાત ઉપર હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઠંડા પવન આવી રહ્યા છે. આ ઉપરાંત ઉત્તર ભારતનાં રાજ્યમાં હિમવર્ષાની અસર પણ પવનોને કારણે ગુજરાત તરફ વર્તાઈ રહી છે. હજુ પણ સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં ઠંડીનો ચમકારો વધુ પ્રમાણમાં અનુભવાશે તથા ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ઠંડા પવનો ફૂંકાવાથી દિવસ દરમ્યાનઅને મોડીરાત્રે ઠંડી અનુભવી શકો છે.

## મોદી સરકારની ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ૧ જાન્યુઆરીથી કોઈપણ ગેરંટી વિના ૨ લાખ સુધીની લોન મળશે

નવી દિલ્હી, તા.૧૭

ખેડૂતો માટે સારા સમાચાર છે. ભારતીય રિઝર્વ બેંકે નવા વર્ષ ઉપર ખેડૂતોને મોટી ભેટ આપી છે. **RBI**એ ખેડૂતોને ગેરંટી વગરની લોનની મર્યાદા વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. પહેલા આ મર્યાદા ૧.૬૦ લાખ રૂપિયા હતી. આ યોજનાથી દેશના કરોડો ખેડૂતોને ફાયદો થશે. ખેડૂતોને રાહત આપતા, ભારતીય રિઝર્વ બેંક **(RBI)**એ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ખેડૂતો માટે ગેરંટી વિના લોનની મર્યાદા ૧.૬ લાખ રૂપિયાથી વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. ખેતીના વધતા ખર્ચ વચ્ચે નાના અને સીમાંત ખેડૂતોને મદદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૦માં આરબીઆઈએ કોઈપણ ગેરંટી વિના કૃષિ ક્ષેત્રને ૧ લાખ રૂપિયા આપવાની મર્યાદા નક્કી કરી હતી. બાદમાં ૨૦૧૯માં તે વધારીને ૧.૬ લાખ રૂપિયા કરવામાં આવી હતી. નવા નિર્દેશમાં દેશભરની બેંકોને કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે લોન લેનાર દીઠ રૂ.૨ લાખ સુધીની કોલેટરલ અને માર્જિનની જરૂરિયાતો માફ કરવા કહેવામાં આવ્યું છે. કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણય વધતા ખર્ચને સંબોધવા અને ખેડૂતો માટે લોનની પહોંચ સુધારવા માટે લેવામાં આવ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પગલાથી ૮૬% થી વધુ નાના અને સીમાંત જમીનધારક ખેડૂતોને ઘણો ફાયદો થશે. બેંકોને દિશાનિર્દેશોનો ઝડપથી અમલ કરવા અને નવી લોન જોગવાઈઓ અંગે વ્યાપક જાગૃતિ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ **(KCC)** લોનની સરળ ઍક્સેસની સુવિધા અપેક્ષિત છે અને સરકારની સુધારેલી વ્યાજ સબવેન્શન સ્કીમને પૂરક બનાવશે. આ યોજના હેઠળ, સરકાર ૪% અસરકારક વ્યાજ દરે ૩ લાખ રૂપિયા સુધીની લોન આપે છે. તમે કોઈપણ બેંકમાં જઈને ૨લાખ રૂપિયા સુધીની આ કોલેટરલ ફ્રી લોન માટે અરજી કરી શકો છો. આ માટે ખેડૂતે કોઈપણ પ્રકારનું કંઈપણ ગીરો રાખવાની જરૂર રહેશે નહીં. જો કે, તમે આ લોન માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી જ અરજી કરી શકશો. તે પહેલાં નહીં. આરબીઆઈના આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ **(KCC)** લોનની માંગમાં વધારો થવાનીસંભાવના છે. આ સાથે ખેડૂતો તેમની કાર્યકારી અને વિકાસની જરૂરિયાતો પૂરી કરી શકશે.

## ચોક્કસ કલર-બ્રાન્ડનું સ્વેટર પહેરવા શાળાઓ દબાણ કરતી હોવાની ફરિયાદો

# શાળાઓમાં ચોક્કસ સ્વેટર પહેરવાના દબાણ મુદ્દે શિક્ષણ મંત્રીની ચેતવણી



અમદાવાદ,તા.૧૭

રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. શહેરની અમુક સ્કૂલોમાં ચોક્કસ પ્રકારનું જ સ્વેટર પહેરવા માટે શાળા સંચાલકો વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપર દબાણ કરી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે આવી ઘટનાઓને લઈ વિદ્યાર્થીઓના સ્વેટર બાબતે રાજ્યના શિક્ષણમંત્રીએ પ્રતિક્રિયા આપી હતી. શાળાઓમાં સ્વેટર બાબતે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ પ્રતિક્રિયા આપી છે. શાળાઓમાં સ્વેટર બાબતે રાજ્ય શિક્ષણમંત્રીપ્રફૂલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે સ્વેટર બાબતે શાળાઓ વિદ્યાર્થીઓ ઉપર દબાણ કરી શકેનહીં. ચોક્કસ પ્રકારના ગરમ કપડાં બાબતે દબાણ કરતીશાળા જડતા ન કરે. ટ્રસ્ટીઓને આ મુદ્દે વાલીઓ સાથે સંવાદ કરવા શિક્ષણ મંત્રીએ સૂચના આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણી સ્કૂલોના સંચાલકો સ્વેટર માટે ચોક્કસ દુકાનો સાથે સાંઠ ગાંઠ કરે છે. વાલીઓને મોઘા ભાવે આ જ દુકાનોમાંથીસ્વેટર લેવા માટે ફરજ પાડવામાં આવે છે અને બદલામાં સ્કૂલોને કમિશન પેટે તગડી કમાણી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# ૬૦ ટકા હવાઈ મુસાફરોએ કહ્યું-એરપોર્ટ અને વિમાનમાં નાસ્તાનો ભાવ આકાશે આંબી રહ્યો છે

મુંબઈ તા.૧૭

મોટાભાગના હવાઈ મુસાફરો માને છે કે એરપોર્ટ ઉપર વેચાતા ખાદ્યપદાર્થો અને પીણાઓ ખૂબ મોંઘા હોય છે. એક સર્વે મુજબ મોટી સંખ્યામાં હવાઈ મુસાફરો સંગઠિત રિટેલ આઉટલેટ્સ અને રેલવે સ્ટેશનો કરતાં એરપોર્ટ પર ૨૦૦ ટકા વધુ ચૂકવણી કરે છે. ઓનલાઈન સોશિયલ પ્લેટફોર્મ **LocalCircle**જ અનુસાર, સર્વેમાં સામેલ ૬૦ ટકા એરલાઈન્સ પેસેન્જર્સનું કહેવું છે કે તેમને રેલ્વે સ્ટેશનની સરખામણીમાં એરપોર્ટ ઉપર ખાવા-પીવા માટે ૧૦૦-૨૦૦ ટકા વધુ ખર્ચ કરવો પડે છે. તાજેતરમાં હાથ ધરાયેલા સર્વેક્ષણને ભારતના ૩૦૯ જિલ્લાઓમાં સ્થિત એરલાઈન મુસાફરો તરફથી ૨૮,૦૦૦ થી વધુ પ્રતિસાદ મળ્યા છે. તેમાંથી ૬૧ ટકા ઉત્તરદાતાઓ પુરૂષો અને ૩૯ ટકા મહિલાઓ હતા. લગભગ ૪૩ ટકા ઉત્તરદાતાઓ દેશના ટાયર-૧ શહેરોના હતા. ૩૦ ટકા બીજા વર્ગના હતા અને બાકીના ૨૭ ટકા નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોના હતા. મુસાફરોએ જણાવ્યું હતું કે એરપોર્ટ ઉપર સમોસા કે પેટીસની કિંમત ૨૦૦ રૂપિયાથી વધી શકે છે. થાળીની કિંમત ૫૦૦ રૂપિયાથી વધી શકે છે. આ સિવાય કોફી અને ઠંડા પીણાની કિંમત ૨૦૦થી ૩૦૦ રૂપિયા છે. આ મોલમાં ફૂડ આઉટલેટ પર ચૂકવવામાં આવતી કિંમત કરતાં બેથી ત્રણ ગણી વધારે છે. તેમણે કહ્યું કે ધુમ્મસ અથવા અન્ય કારણોસર વિલંબ દરમ્યાન મુસાફરોની મુશ્કેલીઓ વધે છે અને તેઓ કોઈ પણ પોસાય તેવા ખોરાક વિના ફ્લાઈટમાં ચઢવા માટે કલાકો સુધી રાહ જોતા હોય છે. તેમણે કહ્યું કે આ દશ્ય રેલવે સ્ટેશનો, ખાસ કરીને દિલ્હી અને મુંબઈના મોટા સ્ટેશનોથી વિપરીત છે, જ્યાં મુસાફરો પાસે નાના ફૂડ સ્ટોલ/વેચાણ કેન્દ્રો, નાના વિક્રેતાઓ અને મોટા ફ્રેન્ચાઈઝ વેચાણ કેન્દ્રો વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ હોય છે. મોટાભાગના એરપોર્ટ પર ઉપલબ્ધ મોંઘી ખાદ્ય




ચીજવસ્તુઓને કારણે, ઘણા પ્રવાસીઓ એરપોર્ટ ઉપર ખોરાક ઉપર ખર્ચ કરતા પહેલા બે વાર વિચારે છે અને કેટલાક કિસ્સાઓમાં તેમના પોતાના નાસ્તા અથવા ભોજન પણ લઈ જાય છે. જો કે, તેઓ સલામતી અને વજનની મર્યાદાઓથી પીડાય છે. સરકારની મહત્વાકાંક્ષા હવાઈ મુસાફરીને વધુ સસ્તું બનાવવાની છે અને ઓછી કિંમતની એરલાઈન્સ માટે કુલ ટ્રાફિકનો ૭૦ ટકા હિસ્સો છે. તેથી એરપોર્ટ પર ઓછા ખર્ચે ફૂડ વિકલ્પો પૂરા પાડવા મહત્વપૂર્ણ છે. સ્થાનિક વર્તુળોએ જણાવ્યું હતું કે કિંમત અને જથ્થાના સમીકરણને ફરીથી કામ કરવાની જરૂર છે જેથી કરીને ખાદ્યપદાર્થોના સ્ટોલ ઊંચા ભાવ અને ઓછા જથ્થાને બદલે વધુ અને ઓછા ભાવે ચાલે.

# ઉત્તર પ્રદેશમાં આશરે ૮ લાખથી પણ વધારે બાળકો શાળામાં જતાં નથી : આ સંખ્યા દેશમાં સૌથી વધુ છે

**આ ડેટા ઘણા રાજ્યોમાં શૈક્ષણિક પ્રવેશનું નિરાશાજનક ચિત્ર દર્શાવે છે. ઝારખંડમાં ૬૫,૦૦૦થી વધુ બાળકો શાળાએ જતાં નથી, જ્યારે આસામમાં ૬૪,૦૦૦ બાળકો શાળાએ જતાં નથી**



નવી દિલ્હી, તા.૧૭

તાજેતરમાં સામે આવેલા ડેટાથી ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકારની સ્પષ્ટ નિષ્ફળતા સામે આવી છે. ધાર્મિક પ્રાથમિકતાઓને લઈને વારંવાર ચર્ચામાં રહેતા આ રાજયમાં લગભગ ૮ લાખ બાળકો શાળાએ જતાં ન હોવાનું નોંધાયું છે, જે સંખ્યા દેશના તમામ રાજયોમાં સૌથી વધુ છે. શિક્ષણ રાજયમંત્રી જયંત ચૌધરીએ આંધ્રપ્રદેશના સાંસદ માટુકુમેલી ભરતના પ્રશ્નના જવાબમાં સંસદમાં આ આંકડા જાહેર કર્યા હતા. અધિકૃત માહિતી અનુસાર, ચાલુ શૈક્ષણિક વર્ષમાં સમગ્ર ભારતમાં ૧૧.૭ લાખથી વધુ બાળકો શાળાની બહાર છે, જેમાં ઉત્તર પ્રદેશ ચિંતાજનક રીતે આ આંકડામાં આગળ છે. સાંસદ ભરતે સંસદીય સત્ર દરમ્યાન ટિપ્પણી કરી કે, શિક્ષણ એ કોઈપણ પ્રગતિશીલ સમાજનો પાયો છે. આ આંકડાઓ તમામ રાજય સરકારો, ખાસ કરીને ઉત્તર પ્રદેશ માટે જાગૃતિ માટેનો કોલ છે. આ ડેટા ઘણા રાજયોમાં શૈક્ષણિક પ્રવેશનું નિરાશાજનક ચિત્ર દર્શાવે છે. ઉત્તર પ્રદેશ પછી, ઝારખંડમાં પણ ૬૫,૦૦૦થી વધુ બાળકો શાળાએ જતા નથી, જ્યારે આસામમાં આવા ૬૪,૦૦૦બાળકો છે. ગુજરાતને ઘણીવાર આર્થિક પાવરહાઉસ તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં પણ ૫૪,૫૦૦થી વધુ બાળકો શાળાની બહાર છે. મધ્યપ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોમાં પણ આ સંખ્યા વધુ છે જેમાં અંદાજે અનુક્રમે ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ બાળકો વર્ગખંડોમાં નથી. બિહારમાં, શિક્ષણ મેટ્રિક્સમાં ઐતિહાસિક રીતે નીચું સ્થાન ધરાવે છે, ત્યાં આ સંખ્યા ૨૫,૦૦૦ છે જે ઉત્તર પ્રદેશના આશ્ચર્યજનક આંકડા કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે. નવી દિલ્હીમાં એક શિક્ષણ કાર્યકર્તાએ કહ્યું કે, આ સંખ્યાઓ માત્ર આંકડાઓ નથી; તે વિલંબિત સપનાનું પ્રતિનિધિત્વ કરે છે અને લોકોના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવે છે અને રાજ્ય સરકારોએ આ મુદ્દાને પ્રાથમિકતા આપવી જોઈએ. એજ્યુકેશન મોડલ માટે અવારનવાર હાઈલાઈટ થતી દિલ્હીની સ્કૂલો પણ બાકાત નથી. અહેવાલ જણાવે છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૧૮,૦૦૦ બાળકો શાળામાં જતા નથી, જે તેની શૈક્ષણિક ક્રાંતિની સર્વસમાવેશકતા ઉપર પ્રશ્નો ઉભા કરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહયોગી પ્રયાસોની જરૂરિયાત ઉપર ભાર મૂકતા દિલ્હી સ્થિત શિક્ષણ નિષ્ણાતે જણાવ્યું હતું કે, આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ બાળક પાછળ રહી ન જાય, પછી ભલે તે ગમે ત્યાં રહેતો હોય. શાળામાં પ્રવેશ ન મેળવતા બાળકોની આશ્ચર્યજનક સંખ્યા તાત્કાલિક હસ્તક્ષેપની જરૂરિયાતને દર્શાવે છે, ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં, જે કુલ બાળકોનો લગભગ ૬૭% હિસ્સો ધરાવે છે. નિષ્ણાતો દલીલ કરે છે કે આ મુદ્દાનો સામનો કરવા માટે માળખાકીય, આર્થિક અવરોધો અને સામાજિક પડકારોને સંબોધવા માટે વ્યાપક અભિગમની જરૂર છે. શિક્ષણ નીતિના એક વિશ્લેષકે જણાવ્યું હતું કે, સરકારે વિભાજનકારી કથાઓથી ધ્યાન હટાવીને પછાત લોકોને સશક્ત બનાવતી નીતિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ અહેવાલ એક સ્પષ્ટ રીમાઈન્ડર છે કે શિક્ષણની ઍક્સેસ ઘણા લોકો માટે ઘણું દૂર છે, અને આ અંતરને દૂર કરવા અને ભારતના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

# ન્યાયાધીશે સંન્યાસીની જેમ જીવવું જોઈએ, ઘોડાની જેમ કામ કરવું જોઈએ, દેખાડો કરવા માટે કોઈ સ્થાન નથી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૧૭

જસ્ટિસ બીવી નાગરત્ના અને એન કોટીશ્વરસિંહની બેંચ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ન્યાયતંત્રમાં દેખાડા માટે કોઈ સ્થાન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ સંત જેવું જીવન જીવવું જોઈએ અને પુરી મહેનતથી કામ કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ સંત જેવું જીવન જીવવું જોઈએ અને પુરી મહેનતથી કામ કરવું જોઈએ. તેમજ તેઓએ ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ નિર્ણયો અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત ન કરવો જોઈએ. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બેન્ચે આ મૌખિક ટિપ્પણી કરી હતી. બેંચ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ન્યાયતંત્રમાં દેખાડા માટે કોઈ સ્થાન નથી. બરતરફ કરાયેલી એક મહિલા ન્યાયાધીશ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ આર બસંતે બેન્ચના મંતવ્યોને દોહરાવતા કહ્યુ કે કોઈ પણ ન્યાયિક અધિકારી અથવા ન્યાયાધીશે ફેસબુક ઉપર ન્યાયિક કાર્ય સંબંધિત કોઈ પોસ્ટ પોસ્ટ કરવી જોઈએ નહીં. વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલે બરતરફ કરાયેલ મહિલા ન્યાયાધીશ સામેની વિવિધ ફરિયાદો બેન્ચ સમક્ષ રજૂ કર્યા બાદ આ ટિપ્પણી કરવામાં આવી છે. અગ્રવાલે બેંચને જણાવ્યું કે મહિલા જજે ફેસબુક ઉપર એક પોસ્ટ પણ કરી હતી. ૧૧ નવેમ્બર, ૨૦૨૩ના સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકાર દ્વારા છ મહિલા સિવિલ ન્યાયાધીશોને બરતરફ કરવા અંગે સુઓ મોટુ સંજ્ઞાન લીધું હતું. જો કે મધ્યપ્રદેશ હાઈકોર્ટની પૂર્ણ બેન્ચે ૧ ઓગસ્ટના તેની અગાઉના પ્રસ્તાવો ઉપર પુર્ન:વિચાર કર્યો અને ચાર અધિકારીઓ જ્યોતિ વરકડે, શ્રીમતી સોનાક્ષી જોશી, શ્રીમતી પ્રિયા શર્મા અને રચના અતુલકર જોશીને કેટલીક શરતો સાથે પુર્ન:સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો જ્યારે અન્ય બે અદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીને પ્રક્રિયામાંથી બહાર રાખવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ આ બે જજના કેસ ઉપર જ વિચાર કરી રહી છે. ધાર્મિક સ્થાનો ઉપરના દાવા અંગેનો મુકદ્દમો હાલ પૂરતો અટકી ગયો છે. સર્વોચ્ચ અદાલતે દેશભરની અદાલતોને નિર્દેશ આપ્યો છે કે જ્યાં સુધી પૂજા સ્થળ અધિનિયમને લગતો કેસ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ છે, ત્યાં સુધી અદાલતો ધાર્મિક સ્થળો ઉપરના દાવાના નવા કેસ નોંધશે નહીં અને ન તો કોઈ અસરકારક વચગાળા કે અંતિમ પડતર કેસોમાં કાર્યવાહી કરવાનો આદેશ આપશે. સર્વેનો પણ આદેશ આપવામાં આવશે નહીં. આ વચગાળાના આદેશો મુખ્ય



ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે પ્લેસ ઑફ વર્શિપ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ ૧૯૯૧ સંબંધિત અરજીઓની સુનાવણી દરમ્યાન જારી કર્યા હતા. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, પૂજા સ્થળ કાયદાની કાયદેસરતા અને કાયદાના અમલીકરણ અંગેની માંગણીઓ તેની સમક્ષ પેન્ડિંગ છે. આ એક મહત્વપૂર્ણ મામલો છે અને કોર્ટ તેની સુનાવણી કરશે. પરંતુ કેસની સુનાવણી થાય ત્યાં સુધી કોર્ટ કોઈ અસરકારક આદેશ ન આપે તો તે યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ કેસ વર્ષ ૨૦૨૦થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. સર્વોચ્ચ અદાલત મુખ્યત્વે પૂજા સ્થળોની સ્થિતિને સ્થિર કરવા માટે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પીવી નરસિમ્હા રાવની આગેવાની હેઠળની સરકારે લાવી હતી તે પ્લેસિસ ઓફ વર્શીપ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૯૧ની બે જોગવાઈઓની બંધારણીય માન્યતાનું પરીક્ષણ કરશે. અધિનિયમની કલમ ૩ અને ૪ની માન્યતાને સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓમાં પડકારવામાં આવી છે. કોર્ટ હવે આ કેસની આગામી સુનાવણી ૧૭ ફેબ્રુઆરીએ કરશે.

# ભાજપે પશ્ચિમ બંગાળમાં રામ મંદિરના પ્રોજેક્ટની જાહેરાત કરી


કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ ઘટક દ્વારા બંગાળના બરહામપુર ખાતે રામમંદિરનું નિર્માણ કરવાની યોજના જાહેર કરવામાં આવી છે. ટીએમસીના ધારાસભ્ય હુમાયુ કબીર દ્વારા બાબરી મસ્જિદ જેવી નવી મસ્જિદ બરહામપુર જિલ્લાના બેલ ડાંગા ખાતે નિર્માણ કરવાની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી જ ભાજપે પણ મંદિરના નિર્માણની જાહેરાત કરી છે. ભાજપે જાહેર કર્યું છે કે, અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્ઘાટન થયાના બરાબર એક વર્ષ બાદ એટલે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૫થી રામ મંદિરનું નિર્માણ બંગાળમાં શરૂ કરવામાં આવશે. બરહામપુરના સંગઠન જિલ્લા પ્રમુખ શાખારવ સરકારે જણાવ્યું હતું કે, મંદિર નિર્માણ માટેની જગ્યા પણ નક્કી કરી લેવામાં આવી છે અને લગભગ રૂપિયા ૧૦ કરોડના ખર્ચે પ્રોજેક્ટ પૂરો કરવામાં આવશે. જિલ્લા ભાજપના નેતાએ જણાવ્યું હતું કે, અયોધ્યાના રામ મંદિરની જેમ જ અને એ જ પ્રતિકૃતિથી અહીં પણ મંદિર બનાવવામાં આવશે. ટીએમસીના ધારાસભ્ય હુમાયુ અને કબીરે આ જ જિલ્લામાં બેલ ડાંગા ખાતે બાબરી મસ્જિદ જેવી જ મસ્જિદ બનાવવા માટેની જાહેરાત કરી હતી એ પછી ભાજપની જાહેરાત આવી છે. કબીરજી જાહેરાતને પગલે રાજકીય વિવાદ ઊભો થયો છે. ભાજપે મસ્જિદની સામે વળતા પગલા લઈને મંદિર બનાવવાની જે જાહેરાત કરી છે એ લઘુમતીઓથી અને એમની વસ્તીના ૭૫ ટકા ધરાવતા લઘુમતી બહુલ મુર્શિદાબાદ જિલ્લામાં હિન્દુ સમાજની વચ્ચે પોતાની વગ વધુ મજબૂત બનાવવાનો વ્યૂરચના અને યોજના માનવામાં આવે છે. હુમાયુ કબીરના વિધાનોથી ટીએમસીએ હાથ ઊંચા લઈ લીધા છે અને કહ્યું છે કે એમના નિવેદનથી પક્ષને કાંઈ લાગતું વળગતું નથી. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ પણ કબીરજી જાહેરાતને વખોડી કાઢી હતી અને કહ્યું હતું કે પોતાના રાજકીય લાભ ખાતર તેઓ વિભાજક રાજનીતિને અનુસરી રહ્યા છે.

### એક સમયે પેટે પાટા બાંધીને મહામહેનતથી આજે વટવૃક્ષ બનેલ...

# કરોડો રૂપિયાની લેઉવા પટેલ કેળવણી મંડળ ધોરાજીની મિલ્કતો પર કોની નજર ?

## માજી સાંસદ અરવિંદ પટેલનાં નિધન પછી કેવળણી મંડળમાં ઘુસી ગયેલા એક ટ્રસ્ટી પર ચિંધાતી આંગળી ?






લેઉવા પટેલ સમાજની એક ટોચની સામાજીક અને શૈક્ષણિક સંસ્થામાં ઘરની ધોરાજી જેવો વહીવટ ચાલતો હોવાનું બહાર આવતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે અને આ સાથે જ સમગ્ર સૌરાષ્ટ્રના લેવા પાટીદાર સમાજમાં ભારે આક્રોશ સાથે ચર્ચાય રહ્યું છે કે શું ? વધુ એક જ્ઞાતિ ની માતબાર સામાજીક અને શૈક્ષણિક સંસ્થા ને કોઈ સ્થાપિત હિતો ગળી જાય તે પહેલાં સમાજ જાગશે ખરો?

આ અંગેની મળતી વિગતો અનુસાર આજના જેટલો લેવા પાટીદાર સમાજનો રાજકીય, સામાજીક શૈક્ષણિક, આર્થિક કે પછી કોઈ પ્રકારનો આજના જેવો વિકાસ થયો ન હતો કેળવણીનું પ્રમાણ તો નહીવત હતું અને તેમાંય કન્યા કેળવણી વિશે તો વિચારવું પણ અશક્ય હતું... લેવા પટેલ જ્ઞાતિના ગ્રામ્ય જીવનના ભાગ રૂપે મૂખ્ય વ્યવસાય ખેતીનો હતો. આવા સમયે ધોરાજીના એક દીર્ઘ દ્રષટા એવા પ્રગતિશીલ આગેવાન મોહન ગોકળ પટેલ માનતા હતા કે ..જો કોઈ પણ સમાજ નો સર્વાંગી વિકાસ કરવો હશે તો તે માટે પ્રથમ કેળવણી એવં શિક્ષણ અતિ આવશ્યક છે. પણ તે માટે કરવું શું ? તે સમયે સરકારી સુવિધા પણ આટલી ન હતી...તેમજ પટેલ સમાજ પણ આર્થિક રીતે સધ્ધર ન હતો. આ સમય દરમયાન જામનગર, અમરેલીના બીજા બે પ્રગતીશીલ લેઉવા પટેલ સમાજના અગ્રણી પણ આવું જ કંઈક વિચાર કરતા હતા રાજકીય સામાજીક રૂપે આ ત્રણે આગેવાનો પરીવારરૂપે ઘણા નજીક હોવાથી તે દિશામાં આગળ વધવા ના મનસુબા સાથે ધોરાજીમાં બે પાંચ પંદર ગણ્યા ગાંઠયા એવા આર્થિક રીતે થોડા સુખી મનાતા આગેવાનોને બોલાવી ને પટેલ સમાજના દિકરાઓ માટે એક રહેવા ઉતરવા અને જમવાની સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો તે મૂજબ તાત્કાલિક ધોરણે તેજા બાપાની જગામાં વ્યવસ્થા ઉભી કરેલી. ધોરાજીની આજુબાજુના ગામડામાંથી માંડ પંદરેક છોકરા તૈયાર થયા. એક વર્ષ જેમ તેમ મોહન બાપાએ ગાડું ગબડાવ્યું. આર્થિક મુશ્કેલીઓ સામે તો હતી જ છતાં જેમ તેમ કરી ને બોર્ડીંગ માટે થોડી જગા લીધી. તે સમયે ભાગ્યે જ એવા લેઉવા પટેલ હતા કે એકી સાથે પાંચ પંદર હજાર દાન આપી શકે. છતા..લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટની રચના કરીને ખર્ચ ને પહોંચી વળવા બે રસ્તા લીધા..એક તો સમાજે લીધેલ જમીન પૈકીની અર્ધી જમીન એસટી ને બસ સ્ટેશન બનાવવા ભાડે આપવી. અને ગામડે ગામડે ફરીને દાન રૂપે અનાજ એકઠુ કરવું.

આ રીતે હાડકાનું ખાતર અને લોહીનું પાણી કરીને લેઉવા પટેલ સમાજનાં સર્વાંગી ઉત્કર્ષ માટેની આ સામાજીક શૈક્ષણિક સંસ્થા આજે સૌરાષ્ટ્રભરમાં એક નમુનેદાર વટવૃક્ષ સમાન વિશાળ અગ્રગણ્ય સંસ્થાની હરોળમાં સમાવેશ થાય છે. જ્યાં સુધી આ સંસ્થાના આદ્યસ્થાપક મોહન ગોળ પટેલ હયાત હતા ત્યાં સુધી પોતાની અંગત દેખ દેખ નીચે કોઈ પણ જાતના સ્વાર્થ વગર પોતીકી સંસ્થા ગણી તમામ અણી શુધ્ધ વહીવટ કરેલો તેમના અવસાન પછી તેમના પુત્ર માજી સાંસદ અરવિંદભાઈ પટેલ ને આ સંસ્થાના વહીવટની જવાબદારી ધોરાજીના સમસ્ત લેવા પટેલ આગેવાનોએ સોંપી. જેનું અરવિંદ પટેલ જીવ્યા ત્યાં સુધી જીવની જેમ સંસ્થાનું લાલન પાલન કરી. કોઈપણ લેઉવા પટેલ પાસેથી એક પણ પાઈ પૈસો લીધા વગર કે કોઈ જાતના જાહેર ફંડ ફાળા વગર ..કુનેહ ભર્યા પાર દર્શક નમુના રૂપ આર્થિક વહીવટ કરી. સામાજની દીકરીયુ માટે પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાની કેળવણી ઘર આંગણે ઉભી કરી ..તે માટે આધુનીક તમામ સુવિધા સાથેના અલગ અલગ ત્રણ પ્રકારના બિલ્ડીંગ અને રહેવા માટે ની હોસ્ટેલ નિર્માણ કરી. એટલું જ નહીં લેઉવા પટેલ અને અન્ય સમાજ સિવાયના સમાજ ને ઘર આંગણે જ ઓછા ભાડામાં સારા નરસા પ્રસંગોની સુવિધા મળી રહૈ તે માટે કોઈ પ્રકારના ઘરની ધોરાજી જેવા હું તું ને રતનીયા જેવા ટ્રસ્ટો કે મંડળો ઉભા કરવાનાં બદલે તેમના જ પિતાશ્રી દ્વારા નિર્મિત લેવા પટેલ કેળવણી મંડળ હેઠળ . કરોડો રૂપિયા ના ખર્ચ.ત્રણ ત્રણ સાંસ્કુતિક ભવનો ની પણ ન કલ્પી શકાય તેવી પટેલ સમાજ સુવિધા ઉભી કરવામાં આવી.

એટલું જ નહીં એસટીને બસ સ્ટેશન માટે ભાડે આપેલી કીમતી જગા ખાલી કરાવી કેળવણી મંડળે પરત મેળવી તે જ રીતે લીબર્ટી સિનેમા ના નામે ઓળખાતિ ભાડે આપેલ રંગ મંડપ ની જગા પર ખાલી કરાવી પરત મેળવેલ તે જગા પર આજે અલગ અલગ પુરતી સુવિધા સાથેના બે સાંસ્કૃતિક ભવનો કાર્યરત છે. લેઉવા પટેલ સમાજની તો લાગણી અરવિંદ ભાઈએ જીતી લીધી હતી તેના કરતાં તો અનેક ગણી લાગણી સંસ્થાના નાના મોટા કર્મચારીઓએ જીતી લીધી હોય તેમ .. અરવિંદભાઈ સૌને પોતાના લાગતા હતા. એવં બધાના ભીષ્મ પિતા બની ગયેલા અરવિંદભાઈ પટેલના મુત્યુ બાદ..આ.એટલે કે હાલમાં આ સંસ્થાનો તમામ વહીવટી તેમના? નાના ભાઈ કીશોર ભાઈ ( મિલ માલીક ) કરી રહ્યા છે..જેમાં એક ટ્રસ્ટી તરીકે તેમના પુત્ર જીમી પણ છે. શરૂઆતમાં થોડો સમય બરાબર ચાલ્યું એવં અરવિંદ ભાઈની ખોટ વર્તાયેલ નહી. આજના કળી કાળમાં બધાની દોટ પદ..પૈસો.ને પ્રતિષઠા પાછળ મંડાયેલી છે..તેવા સમયે આવી ફાલીફુલી તૈયાર કરોડો રૂપિયાની સધ્ધર સંસ્થા જો કોઈના ખાટસ્વાદીયાઓનાં હાથમાં આવે તો શું થાય? તમો હું ને બધા સમજી શકીએ છીએ. બસ આવું જ કંઈક થવાનું હોય તેમ એક ખંધા રાજકારણી એવા અરવિંદ ભાઈના મુત્યુ પછી ( જ્યાં સુધી જીવતા હતા ત્યાં સુધી તેની ગાળ ગળી ન હતી તેવા ) કેળવણી મંડળમાં ટ્રસ્ટી તરીકે ઘુસીને આ સંસ્થાને હડપ કરી જવાના ધીરે ધીરે ચોકઠા ગોઠવતો હોય તેમ પ્રથમ સીધા સાદા ને વર્ષો થી પ્રમાણિક પણે સેવા કરતા કર્મચારીઓની ખોટી રીતે કનડગત ચાલુ કરી. એટલું જ નહીં ટ્રસ્ટની મીટીંગ માં બોલાવીને અણ છાજતી ભાષામાં ધાક ધમકી ઓ આપવાની ચાલાકી (પેતરા) ઓ ચાલુ કરી દીધા નું પણ ચર્ચાય છે જે થી કરીને પ્રમાણીક નિષ્ઠાવાન કર્મચારીઓ માનસિક થાકી.. કંટાળી ને ભાગી જાય ..અને તેના સ્થાને પોતાનાં હા જી હા કરનારા અને ઘુસાડી શકે અને પછી સંસ્થા ધીરે ધીરે બધી રીતે પડી ભાગે એવં શૈક્ષણિક સંસ્થા અને હોટેલ બંધ થાય તો જ સહેલાય થી હેતુ ફેર થઈ શકે ? જે હોય તે... જો ધોરાજીનો લેઉવા પટેલ સમાજ આ દિશામાં જાગૃત નહીં થાય તો .. જૂનાગઢ માં જેમ?.ખરબો રૂપિયાની લેવા પટેલ સમાજ ની મિલકત પર કબજો જમાવી ને બેસી ગયેલા મેનેજીંગ ટ્રસ્ટી ની માફક. એક સમય પેટે પાટા બાંધીને અથાગ પરિશ્રમ થી ઉભી કરવામાં આવેલ આ લેઉવા પટેલ કેળવણી મંડળની મિલકત પણ ખોય બેસવાનો વારો ન આવે તેવી ભીતી ધોરાજીના લેઉવા પટેલ સમાજના બૌધ્ધિકો મા ચર્ચાય છે અને હા.. સ્વ શ્રી અરવિંદ ભાઈની સમાજ પ્રતયેની નિષ્ઠા અને પ્રમાણિકતા નુ જીવતુ જાગતું ઉદા હરણ? તો એ છે કે એક વાર જમીનનો ભાવ જ્યાં લાખોમાં રૂપિયાનો બોલાય છે તેવા રાજકોટના કાલાવાડ રોડ પર આત્મીય કોલેજની સામેના ભાગે આવેલ (મ્યુનિ. સ્વીમીંગ પુલ તરણ કુડ) ની નજીક લેઉવા પટેલ કેળવણી મંડળ ધોરાજીની માલિકીની એક વૈભવી કન્યા હોસ્ટેલ છે જે અરવિંદ ભાઈ પટેલે નિર્મિત કરેલી છે. તે જગા લીધા પછી તેના પર રાજકોટ ના બિલ્ડરોની નજર હતી..મોઢે માગ્યા પૈસા આપવા તૈયાર હતા એટલું જ નહીં તે માટે કેટલાક જ્ઞાતિના જ ખંધા આગેવાનોએ અરવિંદભાઈ પર દબાણો પણ કરેલા છતાંપણ કોઈની શેહ શરમ કે બીજી લોભ લાલચમાં આવેલા ન હતાં. આજે ચાર માળની ૭૦ થી પણ વધુ સમાજની દિકરી યુ તેમાં જમવા રહેવા સાથે ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલ છે. આવી નમુનેદાર ધોરાજી અને રાજકોટની લેઉવા પટેલ સમાજની સામાજનીક અને શૈક્ષણિક સંસ્થાઓ પર કોની નજર ન હોય અને તેમાય વ્યાપારી વૃતિના કે જે ને દિવસ રાત માત્ર પૈસા જ દેખાતા હોય એવી કોઈ વ્યક્તિના હાથમાં આવી સંસ્થા આવી જાય તો કલ્પના કરવી આજના સમયમાં મુશ્કેલ છે.

## શ્રી લેઉઆ પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ, ધોરાજી

શ્રી લેઉઆ પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ - ધોરાજીની આ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાની સ્થાપના આઝાદી પહેલા રાજાશાહી યુગમાં સને તા. ૧૫-૪-૧૯૪૬ ના રોજ દીર્ઘદ્રષ્ટા સ્વ. મોહનલાલ ગોકળભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. લેઉઆ પટેલ જ્ઞાતિની સામાજીક, આર્થિક અને શૈક્ષણિક હાલત કંગાળ સ્થિતીએ હતી. ફંડ શાળામાં પાંચ-દશ રૂપિયા આપવા પણ દુષ્કર હતા. જ્ઞાતિજનોને શિક્ષણનું મહત્વ સમજાવવા માટે પણ ખુબ જ મહેનત કરવી પડતી હતી. ગામડાઓમાં ફંડ ફાળા માટે આગેવાનો જતા ત્યારે જ્ઞાતિજનો આઘા પાછા થવા લાગતા. આવા કપરા કાળમાં ધોરાજીની આ બોડીંગનું તા. ૧૫-૪—૧૯૪૬ના રોજ અમરેલીના સ્વ.મોહનલાલ વીરજીભાઈ પટેલના વરદ્ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. અમરેલી અને જામનગર પછી સૌરાષ્ટ્રની આ ત્રીજી બોર્ડીંગ બની. તથા સૌરાષ્ટ્રમાં તાલુકા મથકની આ પ્રથમ બોર્ડીંગ બની. ગામડે ગામડે ફરી શરૂમાં માંડ પંદર વિદ્યાર્થીઓને સમજાવટથી લાવવામાં આવ્યા. માસિક દશ રૂપિયાના લવાજમમાં ગરીબ વિદ્યાર્થીઓને સંપૂર્ણ માફી અને અર્ધ માફી લવાજમથી પણ દાખલ કરવામાં આવેલ. સંસ્થા માટે જયારે જયારે ફંડ -ફાળા કરવાની શરૂઆત થતી ત્યારે ત્યારે ફાળો લખવાનું પણ સંસ્થાના પ્રમુખ મોહનબાપા પોતાથી શરૂઆત કરતા હતા.

આ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. મોહનલાલ ગોકળભાઈ પટેલ દીર્ધદ્રષ્ટા હતા. બોડીંગની પૂરક આવક અને નિભાવ માટે ધોરાજીના ખરાવાડ પ્લોટમાં સને ૧૯૪૮માં સીનેમાં બાંધી ભાડે આપવામાં આવ્યું. આજે શહેરની મધ્યમાં જયાં આ વિશાળ શૈક્ષણિક સામાજીક સંકુલ ઉભુ છે એ જગ્યા સને ૧૯૫૨ની સાલમાં બાર વિઘાનું એક ખેતર હતું જે બોર્ડીંગ માટે ખરીદી લેવામાં આવ્યું. જેનો અડધો ભાગ એસ.ટી.ને બસ સ્ટેશન બનાવવા માટે ભાડે આપી આ રીતે પુરક આવકો ઉભી કરીને સંકુલ વિકસાવવામાં આ દીર્ધદ્રષ્ટાએ શૂન્યમાંથી સર્જન કર્યું છે.

કેળવણી જગતમાં એક ડોકીયું
પ્રવાસી પ્રતિનિધિ - રાજકોટ

# વેરાવળ બંદર વિસ્તારમાં રોડ ઉપર જાહેરનામાનો ભંગ કરનાર ભારે વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરતી વેરાવળ સીટી પોલીસ





વેરાવળ તા. ૧૭

જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. શ્રી નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારનાઓએ સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પડાતા જાહેરનામાની અમાલવારી કરાવી યોગ્ય કાર્યવાહી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અનુસંધાને વેરાવળ સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામી તથા વેરાવળ સીટી પો.સ્ટે.ના ભાલકા પોલીસ ચોકીના પો.સબ ઈન્સ.જી.એન.કાછડના માર્ગદર્શન હેઠળ ભાલકા પોલીસ ચોકીના સ્ટાફના એ.એસ.આઈ એલ.એલ.પરમાર, પી.જી.વાળા, પો.હેડ કોન્સ.પી.કે.બામણીયા, ડી.જી.મહેતા, પો.કોન્સ મહેશભાઈ, તથા પ્રકાશભાઈ એ રીતેના પોલીસ સ્ટાફને પેટ્રોલીંગ દરમ્યાન વેરાવળ બંદર રોડ ડીઝલ પંપ પાસેથી એક ટાટા કંપનીની મચ્છીની બોગી(મધ્યમ વાહન)રજી.નં-જી.જે-૩૨-ટી-૪૫૫૨ વાળી બોગી તથા આઈશર કંપનીનુ ૩૬૮ મોડલનું નવુ ટ્રેકટરના તથા મહીન્દ્રા કંપનીનુ લાલ કલરનું ૨૯૫ મોડલ વાળુ ટ્રોલી સાથે તથા સફેદ કલરનુ અશોક લેલન કંપનીનુ ટ્રક મીલર વાળા વાહનચાલકો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ આ બાબતે જીલ્લા મેજી.સા.ગીર સોમનાથના જાહેરનામાં મુજબ તા.૧૨/૧૨/૨૦૨૪ થી તા.૧૧/૦૬/૨૦૨૫ સુધી વેરાવળ બંદર હદ વિસ્તારમાં આવેલ તમામ પુલ પરથી મધ્યમ તથા ભારે વાહનો પસાર કરવા પ્રતિબંધ ફરમાવવા આવેલ છે.

આ જાહેરનામાન ભંગ બદલ (૧)હનીફભાઈ મહમદભાઈ સુમરા જાતે-પટણી ઉ.વ.૫૩ ધંધો.ડ્રાઈવિંગ રહે-ગોવિંદપરા ગામે સુમરા શેરી તા.વેરાવળ જી.ગીરસોમનાથ, (૨)અયુબભાઈ જમાભાઈ ભાદરકા જાતે-ઘાંચી ઉ.વ.૩૨ ધંધો.ડ્રાઈવિંગ રહે-પ્રભાસ પટણ સફારી બાયપાસ ચોકી પાસે ડોસી આંબા વિસ્તાર તા.વેરાવળ જી.ગીરસોમનાથ, (૩)સીદીકભાઈ અલીભાઈ ભાદરકા જાતે-ઘાંચી ઉ.વ.૨૩ ધંધો.ડ્રાઈવિંગ રહે-પ્રભાસ પટણ સફારીની બાજુમાં ડોસી આંબાવાડી વિસ્તાર, તા.વેરાવળ જી.ગીરસોમનાથ,(૪)મુકેશકુમાર જોવરાજભાઈ યાદવ ઉ.વ.૩૪, ધંધો.ડ્રાઈવિંગ રહે.તીલવરીયા તા.જી. જમુઈ રાજય બિહાર તા.વેરાવળ જી.ગીરસોમનાથ વાળા સામે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં વેરાવળ સીટી પો.સ્ટે.ભાલકા પોલીસ ચોકીના પો.સબ.ઈન્સ. જી.એન.કાછડ સહિતનો સ્ટાફ સાથે જોડાયેલ હતો.

# સમુદ્રમાં ડૂબેલી દ્વારકાની મહત્તા વિશ્વફલક ઉપર લાવવાના ઉદ્દેશ્ય સાથે "દ્વારકામાં ૨૧મી ડિસેમ્બરે યોજાશે શ્રીક્રિષ્ના જલા જપા દિક્ષા ઈવેન્ટ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૭

ITS 6TH WOW નામની નામાંકિત NGO દ્વારા ગુજરાત ટુરીઝમ વિભાગના સહયોગથી યાત્રાધામ દ્વારકા ખાતે આગામી ૨૧મી ડિસેમ્બરના રોજ વર્લ્ડ સક્રન સીટી ડે નિમિત્તે ‘શ્રીક્રિષ્ના જલા જપા દિક્ષા’ ઈવેન્ટ યોજવામાં આવનાર છે. આગામી શનિવારે સવારે ૧૧ કલાકે દ્વારકાના ગોમતી નદીના સામે કિનારે પંચકુઈ બીચ નજીક સમુદ્રની અંદર ડૂબેલી દ્વારકાના અવશેષો તેમજ પાંચ હજાર વર્ષ પૂર્વેની દ્વારકાધીશ સ્વરૂપે બિરાજમાન શ્રીકૃષ્ણ કાળની દ્વારકાની મહત્તાને વિશ્વફલક ઉપર લાવવાના ઉદ્દેશથી ચલાવવામાં આવી રહેલા જય દ્વારકા કેમ્પેઈન અંતર્ગત ૨૧મી ડિસેમ્બરે પંચકુઈ બીચ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સ્કૂબા ડાઈવર્સ દ્વારા સમુદ્રની અંદર વિશેષ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ ઈવેન્ટમાં રાજ્ય પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, સ્થાનીય સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

# ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે યોજાયો ભવ્ય લાઈવ ઈન મ્યુઝિકલ કોન્સર્ટ ‘Best of DSU’



જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ ક્ષેત્રની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા એવી ડૉ. સુભાષ યુનિવર્સિટી માત્ર શિક્ષણ જ નહીં પરંતુ વિવિધ સાંસ્કૃતિક તેમજ સહાભ્યાસિક પ્રવૃતિઓ માટે પણ પ્રસિદ્ધ છે.

તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ડો. સુભાષ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ભવ્યાતિ ભવ્ય લાઈવ ઈન કોન્સર્ટ Beats of DSU યોજાયો હતો. વર્ષની સૌથી મોટી ઈવેન્ટોમાંની એક આ કોન્સર્ટમાં લોકપ્રસિદ્ધ યુવા ગાયિકા વૃષ્ટિ ચૌહાણના સુરે સમગ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઝૂમ્યા હતા અને એક પ્રોફેશનલ ડાન્સ ગ્રૂપ દ્વારા ઉમદા પ્રદર્શન સાથે કાર્યક્રમને વિશિષ્ટ બનાવવામાં આવ્યો હતો.

આ કોન્સર્ટમાં ૩૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં લોકપ્રિય ગીતો પર પ્રોફેશનલ ડાન્સ ગ્રૂપે જીવંત પર્ફોર્મન્સ આપ્યું, જેના પરથી શ્રોતાઓમાં રોમાંચ છવાયો હતો. સંગીત અને નૃત્યના આ અનોખા મિશ્રણે સમગ્ર સાંજ ને સ્વગ્નશીલ બનાવી દીધી હતી. આ કાર્યક્રમ દ્વારા યુનિવર્સિટી દ્વારા નવા પ્રકારના મનોરંજનાત્મક આયોજન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત થાય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા કલ્ચરલ કમિટીએ જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ શ્રી જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ શ્રી રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ દિપક પટેલે સમગ્ર કલ્ચરલ કમિટીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# નડીયાદ ખાતે યોજાયેલ તિરંદાજી સ્પર્ધામાં પ્રિયવત જેઠવાએ જૂનાગઢનું નામ રોશન કર્યુ




જૂનાગઢ તા. ૧૭

તાજેતરમાં નડિયાદ ખાતે ઓલ ગુજરાત સબજુનિયર તિરંદાજીની પ્રતિયોગિતાનું આયોજન થયું હતું. તેમાં જૂનાગઢના જેઠવા પ્રિયવ્રત મનીષકુમાર દ્વારા જૂનાગઢ જિલ્લાનું સુકાન સંભાળેલ હતું તેમાં તેને ૭૨૦ માંથી ૬૬૬ નો સ્કોર કરી સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલ ૫૯ ખેલાડીઓની સાથે હરીફાઈ કરી ૩ જો ક્રમાંક પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી આગામી જાન્યુઆરીમાં જયપુર ખાતે યોજાનાર નેશનલ ચેમ્પિયનશીપમાં સમગ્ર ગુજરાતનું પ્રતિનિત્વ કરશે.

પ્રિયવ્રત દ્વારા અગાઉ પણ હરિદ્વાર ખાતે યોજાયેલી નેશનલ ચેમ્પિયનશીપ રમી અને સમગ્ર ભારતમાં ૧૮ મું સ્થાન મેળવેલ હતું. તદ્ઉપરાંત ગત વર્ષે સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત સ્ટેટ લેવલની પ્રતિયોગિતામાં પણ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા મળતા સેન્ટર ઓફ એક્સેલન્સ COE સ્કીમમાં પ્રિયવ્રત સિલેક્ટ થયેલ છે તેના ૪૬૫૦ પ્રતિ માસ સ્ટાઈપન્ડ એક વર્ષ સુધી મળવાના છે. પ્રિયવ્રતને તેના પિતાશ્રી મનીષકુમાર દ્વારા જ આર્ચરીની ટ્રેનિંગ આપવામાં આવે છે. આમ પ્રિયવ્રતે સમગ્ર જૂનાગઢ અને સમાજ તેમજ પરિવાર અને તેમના માતાપિતાનું નામ રોશન કરેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથની ચિંતન શિબિરમાં કરેલી જાહેરાતનો ત્વરિત અમલ : ગુજરાતને ટેક્નોલોજી ડ્રીવન ગવર્નન્સ અને સામાજીક આર્થિક વિકાસમાં અગ્રેસર રાખવાના વિઝન સાથે A.I ટાસ્કફોર્સ રચના

**ગીફ્ટ સિટીમાં A.I. સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે રાજ્ય સરકારે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે કરેલા MOU સહિત A.I.ના વિવિધ સ્તરે ઉપયોગ માટે લીધેલા ઈનીશિયેટીવ્સને વેગ મળશે : વ્યુહાત્મક આયોજન સાથે રાજ્ય વ્યાપી સર્વગ્રાહી AI રોડમેપ તૈયાર કરાશે : AI કેપેસિટી બિલ્ડીંગ અને ડિજિટલ લીટરસી વિસ્તારવામાં આવશે**


(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકનોલોજી ડ્રીવન ગવર્નન્સ અને સામાજિક આર્થિક વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાના વિઝનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સમુચિત ઉપયોગ કરવાની જાહેરાત રાજ્ય સરકારની તાજેતરની વાર્ષિક ચિંતન શિબિરમાં સોમનાથ ખાતે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે 'જે કહેવું તે કરવું'ની કાર્યસંસ્કૃતિ વિકસાવી છે તેનું તાદશ્ય ઉદાહરણ મુખ્યમંત્રીની તાજેતરની જ આ જાહેરાતને પગલે રાજ્ય સરકારે A.I. ટાસ્કફોર્સની રચનાથી પૂરૂ પાડ્યું છે. નાગરિકોને યોજનાઓ, સેવા-સુવિધાઓનો લાભ અસરકારક રીતે અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ઝડપથી મળી રહે તે માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વિનિયોગ એ હાલના સમયની માંગ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ દિશામાં આગળ વધતા ગિફ્ટ સિટીમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે MOU કરેલા છે. આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા, મૂળભૂત સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીકલ પ્રગતિને વેગ આપી સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃત સાથ સહકાર પ્રદાન કરશે. રાજ્ય સરકારની સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબીરમાં મુખ્યમંત્રીએ સુશાસનની વ્યાપકતાથી સોશિયલ ચેલેન્જીસના ઉપાયો માટે A.I.નો હોલીસ્ટિક એપ્રોચ સાથે વ્યૂહાત્મક ટેકનોલોજી તરીકે ઉપયોગ કરીને નિર્ણય પ્રક્રિયામાં ગતિ અને પારદર્શીતા લાવવા સાથે સેચ્યુરેશન એપ્રોચ પાર પાડવામાં A.Iનો ઉપયોગ ઉપકારક બને તેવી આપેલી પ્રેરણાને પગલે હવે આ A.I. ટાસ્કફોર્સની રચના કરી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે ICT અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે. પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરીને તેના સ્કોપ ઓફ વર્ક અને ફંક્શનીંગ વધુ સમય માટે લંબાવવા સાથે યોગ્ય સુધારાઓ પણ કરાશે. આ ટાસ્કફોર્સના સભ્યોમાં ICT અને ઈ-ગવર્નન્સના ડિરેક્ટર, IIT ગાંધીનગરના ડિરેક્ટર અને IIITના ડિરેક્ટર ઉપરાંત ઈન્ડિયા A.I. મિશનના વરિષ્ઠ તજજ્ઞ તેમજ NIC, C-DAC, NVIDIA તથા ISPRITના વરિષ્ઠ તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે રચેલી આ A.I. ટાસ્કફોર્સના સ્કોપ ઓફ વર્કમાં જે બાબતો આવરી લેવામાં આવી છે તેમાં સ્ટ્રેટજિક પ્લાનિંગ : સર્વગ્રાહી એ.આઈ. રોડમેપ અને એના અમલીકરણ માટેની સ્ટ્રેટજીઝ તૈયાર કરવી. એ.આઈ. એડોપ્શન : સરકારી અને બિન-સરકારી ક્ષેત્રના વિવિધ સેક્ટર્સમાં એ.આઈ.ના ઉપયોગની ઓળખ કરવી. પોલિસી એડવોકેસી : ઈન્ડિયા.એ.આઈ. મિશન સહિતના રાષ્ટ્રીય એ.આઈ. ફ્રેમવર્ક અને નીતિઓ સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવી. કોલાબ્રેશન : શિક્ષણ વિદો અને ઔદ્યોગિક આગેવાનો, સ્ટાર્ટઅપ્સ અને ઈન્ટરનેશનલ એ.આઈ. ઈકોસિસ્ટમના સહભાગીઓ સાથે ભાગીદારી કરવી. કેપેસિટી બિલ્ડિંગ : ગુજરાતમાં એ.આઈ. લિટરસી, રિસોર્સ મોબિલાઈઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટને વધુને વધુ પ્રોત્સાહિત કરવું.

ડેટા સિક્યોરિટી : ડેટા સિક્યોરિટી સહિતની એ.આઈ. એડોપ્શન-સંબંધિત તમામ બાબતોને આવરી લેવી. મોનિટરિંગ એન્ડ ઈવોલ્યુશન : એ.આઈ. સોલ્યુશનના અમલીકરણનું નિરીક્ષણ, કોર્સ-કરેકશન માટે સલાહસૂચનો આપવાં અને નૈતિક તથા અસરકારક એ.આઈ. પ્રેક્ટિસિસ સુનિશ્ચિત કરવી. ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર : એ.આઈ. ટેક્નોલોજીથી સજ્જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને સહાયક થવું તથા ડેટા સિક્યોરિટીની બાબતોને ખાસ ધ્યાનમાં રાખવી. ગુજરાતની જરૂરિયાતો માટે ખાસ તૈયાર કરવામાં આવેલ એ.આઈ. મોડલની તાલીમ અને માર્ગદર્શન આપવું. એ.આઈ. ટેક્નોલોજીથી સુસજ્જ સ્ટેટ ડેટા સેન્ટર સહિતના એ.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે એક્સપર્ટ એ.આઈ. સલાહ પૂરી પાડવી વગેરે મહત્વ પૂર્ણ જવાબદારીઓ પણ આ ટાસ્કફોર્સ નિભાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે A.I. ટાસ્કફોર્સની રચનાને અનુમોદન આપ્યું છે અને DST દ્વારા આ A.I. ટાસ્કફોર્સની રચના સંદર્ભનો વિસ્તૃત ઠરાવ પણ બહાર પાડવામાં આવ્યો છે.

## માંગરોળમાં પાલિકા દ્વારા શહેરના મુખ્ય રસ્તાઓ ઉપરથી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી






**ડિમોલિશનની દહેશતથી દુકાનદારોએ જાતે જ છાપરા ઉતારી લીધા**

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૭

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે પાલિકા તંત્ર દ્વારા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી. શહેરના નવા બસ સ્ટેશન, જેલ ઝાપા ટાવર રોડ ઉપર મુખ્ય રસ્તાઓ ઉપર કેટલાક દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અઠવાડિયા પહેલા પાલિકાએ માઈક દ્વારા મૌખિક જાહેરાત કરી મુખ્ય રસ્તાઓ પરથી દૂકાનોના છાપરા અને ઓટલાઓ દૂર કરવા સુચન કર્યું હતું. જેને પગલે નાના મોટા વેપારીઓ અને દૂકાનદારો ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાને રજૂઆત કરવા દોડી ગયા હતા. ધારાસભ્યએ આ બાબતે દુકાનદારોને આશ્વાસન પણ આપ્યું હતું.

છેલ્લા એક અઠવાડિયાથી માંગરોળમાં ડિમોલિશનની દહેશતથી લોકોમાં ભય ફેલાયેલો જોવા મળ્યો હતો.

માંગરોળ બસ સ્ટેન્ડ, જેલ ઝાપા, લિમડા ચોક અને ટાવર રોડ સહિતના મોટા ભાગના વિસ્તારોમાંથી વેપારીઓ અને દૂકાનદારોએ પોતાની જાતે જ પતરાઓ અને સેડ ઉતારી લિધા હતા. જેને પગલે પાલિકાને કોઈ મોટી જહેમત ઉઠાવી પડી નહોતી. જોકે સોમવારે બપોર પછી પોલીસ, ફાયર બ્રિગેડ અને પીજીવીસીએલની ટીમો સાથે ડિમોલિશન કામગીરી હાથ ધરી હતી. જેમાં ટાવર, લિમડા ચોક, જેલ ઝાપા અને બસ સ્ટેન્ડ ઉપર કેટલીક દુકાનોના છપરા, ઓટલા અને ચાના થડા તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક દુકાનદારોને નોટિસ આપી દબાણો દૂર કરવા સૂચના આપી હતી. બાકીના કામગીરી ગુરુવારે હાથ ધરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારોના મુદ્દે માંગરોળમાં સમસ્ત હિન્દુ સમાજે રેલી યોજી મામલતદારને આવેદન પાઠવ્યું





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૭

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારોના મુદ્દે માંગરોળમાં સમસ્ત હિન્દુ સમાજે રેલી યોજી મામલતદારને રોષપૂર્ણ આવેદનપત્ર પાઠવ્યું હતું. શહેરના સેક્રેટરી રોડ પાસે બહોળી સંખ્યામાં હિન્દુઓ એકત્રિત થયા બાદ "બાંગ્લાદેશમાં લઘુમતિ હિન્દુઓને બચાવો", "હિન્દુઓ ઉપર બાંગ્લાદેશમાં થઈ રહેલા અત્યાચારો મુદ્દે દુનિયાના માનવ અધિકાર સંગઠન ચુપ કેમ છે?" સહિતના બેનરો સાથે જુના બસ સ્ટેન્ડ, લીમડા ચોક, જેઈલ રોડથી થઈ મામલતદાર કચેરી સુધી રેલી યોજી હતી. ત્યારબાદ બાંગ્લાદેશમાં હિન્દુઓની સ્થિતિ વિશે ગંભીર ચિંતા વ્યક્ત કરી મામલતદારને પાઠવેલા આવેદનમાં જણાવ્યું હતું કે શેખ હસીના સરકારને આલોકતાંત્રિક રીતે બરખાસ્ત કર્યા બાદ હિન્દુઓ ઉપર અત્યાચારોમાં ભારે વધારો થયો છે. હિન્દુઓના ધાર્મિક સ્થળોને નિશાન બનાવી તોડફોડ કરવામાં આવી રહી છે. હિંસા અને હત્યાની ઘટનાઓ વધી છે. ધર્મ પરિવર્તન જેવા ગંભીર અપરાધો થઈ રહ્યા છે. પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ શરમજનક છે. નાગરીકોની રક્ષા કરવી સરકારની જવાબદારી છે. અત્યાચારોના વિરુદ્ધમાં ઈસ્કોનના સંત ચિન્મય કૃષ્ણ દાસીના નેતૃત્વમાં શાંતિપૂર્ણ વિરોધ કરતા હિન્દુઓ ઉપર અત્યાચારો કરી સંતને ખોટી રીતે જેલમાં ધકેલી દેવાયા છે. જે અમાનવીય કૃત્ય છે. ત્યારે હિન્દુઓ ઉપર થતા અત્યાચારો બંધ કરવા તથા ચિન્મય કૃષ્ણ દાસજીને તાત્કાલિક મુક્ત કરવા પ્રયાસ કરવા માંગણી કરવામાં આવી છે.

## ચોટીલા ખાતે પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને થાનગઢ નગરપાલિકાના વિકાસ કાર્યો અનુસંધાને યોજાયેલ બેઠક

**મંત્રીશ્રીએ વિવિધ વિકાસ કામો ઝડપથી પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવા તાકીદ કરી**

રાજકોટ તા. ૧૭

ગઈકાલે ચોટીલા પ્રાંત કચેરી ખાતે પ્રવાસન, વન અને પર્યાવરણ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાનાં અધ્યક્ષસ્થાને થાનગઢ નગરપાલિકાના વિકાસ કાર્યો અનુસંધાને એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ નગરપાલિકામાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ અને વિકાસ કામોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો/માર્ગદર્શન આપ્યા હતા.

બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, નાણાપંચ, અમૃત ૨.૦, નલ સે જલ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત પ્રગતિ હેઠળના કામો, પૂર્ણ કામો અને શરૂ કરવામાં ન આવેલા કામોની સમીક્ષા કરી હતી. વધુમાં તેમણે નગરપાલિકામાં ચાલતા વિવિધ વિકાસ કામોની ચીફ ઓફિસર પાસેથી જાણકારી મેળવી આ વિકાસ કામો ઝડપથી પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવા તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ નગરપાલિકા વિસ્તારમાં લોકોને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી, યોગ્ય રસ્તાઓ અને ગટર લાઈન, સાફ-સફાઈ જેવી સુવિધાઓ સરળતાથી મળી રહે તે મુજબની કામગીરી કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત મંત્રીશ્રીએ કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓના લાભ લોકોને સરળતાથી મળી રહે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં ચોટીલા ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, અગ્રણી હિતેન્દ્રસિંહ ચૌહાણ, નિવાસી અધિક કલેકટર આર.કે.ઓઝા, આસિસ્ટન્ટ કલેક્ટર કલ્પેશ શર્મા સહિત જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ અને નગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરેન્દ્રનગર ખાતે સ્વ. બળવંતરાય મહેતા આંતર જીલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે



જૂનાગઢ તા.૧૭

સ્વ. બળવંતરાય મહેતા આંતર જીલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ સુરેન્દ્રનગર ખાતે યોજવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જીલ્લા પંચાયત ગીર-સોમનાથ ક્રિકેટ ટીમનું સિલેકશન તા.૧૨-૧૨-૨૦૨૪ના રોજ વીરપુર ક્રિકેટ ગ્રાઉન્ડ તાલાળા ખાતે રાખવામાં આવેલ હતું. આ ટીમની પસંદગીમાં જૂનાગઢના માજી ડીસ્ટ્રીકટ ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી, ગીર એકેડેમીના એકેડેમીના આસી. કોચ મોઈનરઝા કુરેશી દ્વારા સિલેકશન કરવામાં આવેલ. આ સિલેકશનમાં નાયબ જીલ્લા વિકાસ અધિકારી ચૌહાણ, ડી.પી.ઓ. અશોકભાઈ પટેલ, ટીપીઓ વજુભાઈ તથા મનીષભાઈ, રાજયસંઘના ઉપપ્રમુખ હરીભાઈ વાળા તથા શ્રી રાઠોડની ઉપસ્થિતિમાં આ ટીમનું સિલેકશન કરવામાં આવેલ હતું. નાયબ વિકાસ અધિકારી ચૌહાણએ ટીમનો વિજય પ્રાપ્ત થાય તેવી શુભકામનાઓ પાઠવેલ છે.

## શ્રી કેન્દ્રીય વિદ્યાલય દ્વારકા ખાતે ૬૨માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકાતા.૧૬

શ્રી કેન્દ્ર વિદ્યાલય દ્વારકાના આચાર્ય શ્રીમતી અર્ચના યાદવના માર્ગદર્શન હેઠળ આજે ૧૪મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેના ૬૨માં સ્થાપના દિવસની ઉજવણી કરવા માટે કેન્દ્રીય વિદ્યાલય સંગઠનની સ્થાપના ૧૫મી ડિસેમ્બર ૧૯૬૩ના રોજ કરવામાં આવી હતી, જેમાં શ્રી રામ પ્રસાદ સહાયક, કમાન્ડર સુરક્ષા પ્રમુખ હતા. ગેસ્ટ વી કેસ તિવારી સરના સમર્થકો તેમજ શાળાનો સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત કાઉટ વિદ્યાર્થીઓની પરેડથી કરવામાં આવી હતી. કાર્યક્રમની રૂપરેખામાં સ્વાગત નૃત્ય, કમિશનરનો સંદેશ, શિક્ષણ મંત્રીનો સંદેશ, KVS પ્રતિજ્ઞા, કેન્દ્રીય વિદ્યાલય સંગઠનનું રાષ્ટ્રગીત, લોક સમૂહ નૃત્ય અને કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું વક્તવ્ય, ત્યારબાદ શાળાના વરિષ્ઠ શિક્ષક શ્રી મહેશકુમાર આર્ય દ્વારા આભારવિધિનો સમાવેશ થાય છે. મેમોરેન્ડમ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને ખાસ કરીને તમામ વાલીઓનો હકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો.

## સમસ્ત વાણંદ સમાજનું ગૌરવ વધારતો અમિત ચાવડા

(પ્રતિનિધિ દ્વારા)

સુલતાનપુર તા.૧૬

મૂળ ધારી તાલુકાના પાણિયા દેવ ગામના અમિત ચાવડાને બિઝનેસ મેનેજમેન્ટ તથા વૈશ્વિક શાંતિ માટે ધ અમેરીકન યુનિવર્સીટી - યુ.એસ.એ. દ્વારા ડોકટરેટની પદવી એનાયત થઈ. તા.૯-૧૧-૨૦૨૪ના રોજ જંજીર હોટલ મુંબઈ ખાતે અમિત ચાવડાને બિઝનેસ મેનેજમેન્ટ તથા વૈશ્વિક શાંતિ માટે ડોકટરેટની બે પદવીઓ એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેમજ ૩૦-૧૧-૨૦૨૪ના રોજ એનાયત કરવામાં આવી હતી. અમિત ચાવડાને ડોકટરેટની પદવી AUGP-USAના ગવર્નસ અને સેનેટ સભ્યોની વર્લ્ડ ગવનિંગ કાઉનશીલની ભલામણ ઉપર પ્રા. ડો. કૃષ્ણન - વાઈસ ચાન્સલર AUGP તથા ડો. તાત્યાના કઝાકિસ્તાનના સિનિયર વૈજ્ઞાનિકના વરદ હસ્તે એનાયત કરવામાં આવેલ. અમિત ચાવડાની સાડા ત્રણ વર્ષની સખત મહેનત તથા તેમની સુંદર કામગીરીની નોંધ લઈ ધ અમેરિકન યુનિવર્સીટી યૂ. એસ. એ. દ્વારા ડોકટરેટની પદવી એનાયત કરવામાં આવેલ છે. હાલ અમિત ચાવડા અમદાવાદ પરીવાર સાથે નિવાસ કરે છે આ પદવી મળવા બદલ અમિત ચાવડા તેમના માતા-પિતાના આશીર્વાદ દ્વારા આ પદવી મળેલ છે તેમ જણાવ્યું હતું. અમિત ચાવડાનું પરીવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમસ્ત વાણંદ સમાજ, ચાવડા પરીવાર, કુટુંબીજનો, મિત્ર મંડળ, સગા સબંધી, પત્રકારો તેમજ હિતેચ્છુઓ દ્વારા શુભેચ્છાઓનો ધોધ વહેવડાવવામાં આવેલ હતો. સમસ્ત વાણંદ સમાજને સુરાપુરા



શ્રી મકનબાપા સેવાધામ ભાયાવદર પરીવાર તરફથી અમિત ચાવડાને ખુબ ખુબ શુભકામના પાઠવવામાં આવી હતી.

**ગુજરાત સરકાર નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર**

**"ઇ-ટેન્ડર નોટીસ નં. ૧૯ સને ૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢ સિંચાઇ વિભાગ, જુની કેન્દ્રીય વિદ્યાલય, વંથલી રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૩૩૨૫૨) દ્વારા સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટ પ્રોક્યુરમેન્ટ ઓફ સીવીલ વર્ક (SBD Format) મુજબના કુલ-૦૧ કામ માટે માળીયા હાટીના તાલુકાની/જુનાગઢ જીલ્લાની "ખ" (B) વર્ગની મંડળીની શ્રેણીમાં નોંધાયેલ મજુર સહકારી મંડળીઓ પાસેથી ભાવોભાવ કરતા ઉંચા ભાવો ન ભરવાની શરતે ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. જો લગત તાલુકાની "ખ" (B) વર્ગની એક કરતા વધારે મંડળીઓનાં ટેન્ડર ભરાઇને ન આવે તો જ જીલ્લાની (માળીયા હાટીના તાલુકા સહિત) "ખ" (B) વર્ગ કે તેની ઉપરના વર્ગની મંડળીઓના ટેન્ડર ખોલવામાં આવશે અને તાલુકા તથા જીલ્લાની "ખ" (B) વર્ગ કે તેની ઉપરના વર્ગની મંડળીઓ દ્વારા ભરેલ ભાવો પૈકી સૌથી નીચા આવેલ ભાવો મંજુર કરવામાં આવશે. જો તાલુકા અને જીલ્લાની "ખ" (B) વર્ગની કે તેથી ઉપરની મંડળીઓનાં બન્ને મળીને એક કરતા વધારે ટેન્ડર ભરાઇને ન આવે તો જ "ઈ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓના ટેન્ડર ખોલવામાં આવશે અને તાલુકા/જીલ્લાની "ખ" (B) વર્ગની મંડળીઓ તથા ઠેકેદારશ્રી દ્વારા ભરેલ ભાવો પૈકી સૌથી નીચા આવેલ ભાવો મંજુર કરવામાં આવશે.

(૧) ભાખરવડ આર.આર. સ્કીમ- એન્યુઅલ મેઇન્ટેનન્સ ઓફ અર્થન ડેમ ઓફ ભાખરવડ આર.આર. સ્કીમ ડ્યુરીંગ ધ યર ૨૦૨૪-૨૫. (૧) અંદાજીત રકમ રૂ.૫૫૪૩૮૯.૦૦ પૈસા (૨) બીડ સીક્યુરીટીની રકમ રૂ.૬,૦૦૦/- (૩) કોસ્ટ ઓફ ડોક્યુમેન્ટ રૂ.૯૦૦/- (૪) માળીયા હાટીના તાલુકા/જુનાગઢ જીલ્લાની માત્ર "ખ" (B) વર્ગની મંડળીઓ/"ઇ-૨" અને ઉપરની શ્રેણી. (૫) સમય મર્યાદા ૧૨ (બાર) માસ. મંડળીઓએ/ઇજારદારશ્રીઓએ બીડ સીક્યુરીટીની રકમ ફરજીયાત ભરવાની રહેશે. ચાલુ કેલેન્ડર વર્ષ ૨૦૨૪ (તા.૦૧.૦૧.૨૦૨૪ કે તે પછીની તારીખે ઇસ્યુ થયેલી) ની સોલવંશી અંદાજીત રકમના ઓછામાં ઓછી ૨૦ ટકા કે તેનાથી વધુની તેમજ જરૂરી ડોક્યુમેન્ટ સ્કેન કરી ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઓનલાઇન ટેન્ડર તા.૧૯/૧૨/૨૦૨૪ થી તા.૦૨/૦૧/૨૦૨૫ ના ૧૮-૦૦ કલાક સુધીમાં ભરવાના રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તા.૦૯/૦૧/૨૦૨૫ ના ૧૮-૦૦ કલાક સુધીમાં ઉપર જણાવેલ કચેરીમાં. ટેન્ડર તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ ૧૮.૦૫ કલાકે ઉપર જણાવેલ કચેરી ખાતે ખોલવામાં આવશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ફક્ત રજી.એ.ડી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે www.statetenders. gujarat.gov.in અને www.nwr. nprocure. com વેબ સાઈટ પર જોવા વિનંતી. નોંધ:-હવે પછી કોઇપણ સુધારા-વધારા ફક્ત ઓનલાઇન પ્રસિધ્ધ કરવામાં આવશે. અને તે માન્ય રાખવાનો રહેશે.

માહિતી/જુના/જા.ખ./૭૨૯/૨૪

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**SLRs અને VPs કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs અને VPs કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

**ઈ-હરાજી આમંત્રિત કરતી નોટીસ**

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — કેટલોગ નં. LEASE-2024-14

સ્થળ અને સંપત્તિની વિગત

SLRs ના 3.9/4.0 ટન પાર્સલ સ્પેસ અને VPs ના 23/24 ટન પાર્સલ સ્પેસના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનુ. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 09565 | F/I SLR | દરરોજ | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 2 | 09566 | F/I SLR | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 3 | 09567 | F/I SLR | દરરોજ | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 4 | 09568 | F/I SLR | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 5 | 20968 | R/I SLR | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 6 | 11087 | F/II SLR | શનિવાર | VRL (વેરાવળ) | PUNE (પુણે) |
| 7 | 11465 | FSLR | સોમવાર અને શનિવાર | VRL (વેરાવળ) | JBP (જબલપુર) |
| 8 | 19319-19320 | VPU | બુધવાર અને મંગળવાર | VRL (વેરાવળ) | INDB (ઇન્દોર) |
| 9 | 20968-20967 | VPU | મંગળવાર અને બુધવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |

(1) ઈ-હરાજી તા.26-12-2024 ના 11:00 કલાક થી શરૂ થશે (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે. (3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઇન કરો. BVP-153

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**મહાનગર સેવા સદન, જૂનાગઢ**
**રેવન્યુ ટેકસ શાખા**
**ઈ–ટેન્ડર**
**નિવીદા–વર્ષ–૨૦૨૪–૨૫**
**(પ્રયત્ન ૨ જો)**

કમિશનરશ્રી,જુનાગઢ મહાનગરપાલીકા સેવા સદન "સ્વામી વિવેકાનંદ ભવન", રેવન્યુ ટેકસ શાખા દવારા મ.ન.પા. જુનાગઢ ના જુદા જુદા વિસ્તારમાં રહેલ ૨૦×૧૦ ફુટ ના જાહેરાત હોર્ડિંગ્સ બોર્ડ કુલ–૨૦ સાઈટ કોન્ટ્રાકટ થી – ૩ (ત્રણ) વર્ષ માટે ભાડે આપવાનાં થતાં હોય, જાહેરાત એજન્સીઓ, કંપની,વ્યકિત, આસામી પાસેથી ઓનલાઈન જાહેરાત હોર્ડિંગ્સ બોર્ડના ભાવો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો તા.૧૬/૧૨/૨૦૨૪ થી જોવા મળશે અને Website://https:Junagadh.Nprocure.Com ઉપર ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂમ નં. ૨૦૪ રેવન્યુ ટેકસ શાખા માં રૂબરૂ સંપર્ક કર્યેથી આપવામાં આવશે. અન્ય શરતો યથાવત રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | મ.ન.પા. જુનાગઢ હદ વિસ્તારમાં ૨૦×૧૦ માપ સાઈઝના ૨૦ હોર્ડિંગ્સ બોર્ડ | અપસેટ વેલ્યુ બોર્ડ 20 13,03,500/- E MD ની રકમ રૂ.39,105/– ટેન્ડર ફી(નોન રીફંડેબલ) હોર્ડિંગ્સ બોર્ડ ૨૦ રૂ.૨૫૦૦/– |
| કોરાભાવ પત્રક ડાઉનલોડ કરવાની તારીખ તથા સમય | | તા.૧૬/૧૨/૨૦૨૪ થી તા. ૦૭/૦૧/૨૦૨૫ સુધી |
| ભરેલ ભાવપત્રક ઓનલાઈન ભરવાની તારીખ તથા સમય | | તા.૧૬/૧૨/૨૦૨૪ થી તા. ૦૭/૦૧/૨૦૨૫ સુધી ૧૮:૦૦ કલાક |
| ટેન્ડર ડોકયુમેન્ટ સબમીટ કરવાની તારીખ તથા સમય | | તા.૦૮/૦૧/૨૦૨૫ થી તા.૨૦/૦૧/૨૦૨૫ સુધી ૧૮:૦૦ કલાક |
| ભરેલ ભાવ પત્રકો ઓનલાઈન ખોલવાની સંભવિત તારીખ તથા સમય | | તા.૨૧/૦૧/૨૦૨૫ સમય. બપોરના ૧૨:૦૦ કલાકે |

સહિ
ડો.ઓમ પ્રકાશ(IAS)
કમિશનર
મહાનગરપાલીકા જુનાગઢ

માહિતી/જુના/જા.ખ./૭૨૫/૨૪

# ૫૦ કરોડનાં સાયબર કૌભાંડમાં મહિલા સહિત જૂનાગઢનાં ૮ની ધરપકડ

## બેંક એકાઉન્ટમાં ફ્રોડનાં નાણાં જમા કરાવી કૌભાંડ આચરવામાં આવતું હોવાની સનસનાટી ભરી વિગતો બહાર આવી





જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સહિત દેશવ્યાપી ચાલતા સાયબર કાંડનો પર્દાફાશ કરવામાં જૂનાગઢ પોલીસને ભારે સફળતા મળી છે. અને રૂા. ૫૦ કરોડની હેરાફેરીની વિગતો બહાર આવી છે. આ કૌભાંડમાં સંડોવાયેલા મુળ જૂનાગઢ જીલ્લાનાં અને હાલ અમદાવાદનાં ૨ સુત્રધાર તેમજ એક મહિલા એજન્ટ સહિત જૂનાગઢનાં કુલ ૮ની પોલીસે ધરપકડ કરતાં સનસનાટી મચી જવા પામી છે.

જૂનાગઢ સહિત રાજયભરમાં તેમજ દેશભરમાં સાયબર ક્રાઈમનાં બનાવો દિવસે દિવસે વધી રહયા છે ત્યારે જૂનાગઢ રેન્જ વિસ્તારમાં બનેલા સાયબર ક્રાઈમનાં એક ગુના અંગેની અરજી જૂનાગઢ પોલીસને મળી જતાં આ અરજીનાં આધારે પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરતા સનસનાટી ભરી વિગતો બહાર આવવા પામી હતી. અને આ માહિતીનાં આધારે પોલીસે તાત્કાલીક અસરથી એકશન લેતાં રૂા. ૫૦ કરોડનું કાંડ બહાર આવ્યું હતું અને ૮ જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જનાં આઈજી નિલેશ જાજડીયાએ જણાવ્યું હતું કે છેલ્લા ૨ મહિનાથી જૂનાગઢ સાયબર રેન્જનાં પીઆઈ સી.વી. નાયક અને તેની ટીમને એક હકીકત મળી હતી કે જૂનાગઢ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ સહિતનાં જીલ્લાઓમાં એક ગેંગ સક્રિય છે. અને જૂનાગઢમાં એક અલગ જ પ્રકારની નવી મોડસ ઓપરેન્ડી ચલાવતી આંતરરાષ્ટ્રીય ગેંગ દ્વારા ભારે મોટુ કાંડ આચરવામાં આવ્યું છે. જેમાં તેઓ બેંકનાં ખાતા ધારકોનો સંપર્ક કરી ભારતમાં સાયબર ફ્રોડ કરી તે ફ્રોડનાં નાણાં બેંકનાં એકાઉન્ટમાં જમા કરાવતા અને બાદમાં કમીશન એજન્ટો મારફતે બેંકનાં ખાતેદારને અમુક કમીશન આપીને તે ફ્રોડની રકમ ઉપાડી લેતા અને દેશનાં અલગ અલગ રાજયોમાં આંગડીયા મારફતે અથવા હવાલા મારફતે મોકલવામાં આવતા હતાં. આમ ખાતેદારનાં બેંક એકાઉન્ટનો મીસયુઝ કરીને આખોય સાઈબર ફ્રોડનું અલગ નેટવર્ક ચાલતું હતું. સાયબર પોલીસ સ્ટેશન જૂનાગઢ રેન્જનાં પીઆઈ સી.વી. નાયક તથા તેમની ટીમ દ્વારા વોચ રાખવામાં આવી હતી. એ દરમ્યાન એક અરજદાર તરફથી ઉપરોકત બાબતની અરજી આવતાં તેના પર ગંભીરતાથી ધ્યાન લઈ અને ગુનો દાખલ કરવામાં આવેલ. અને ઉંડાણપૂર્વકની તપાસ કરતાં પોલીસને ઘણી મહત્વની સફળતા મળી હતી. સાઈબર ક્રાઈમ કરતી આખી ગેંગને ઝડપી લેવામાં આવી હતી. જેમાં (૧) અભિષેક ઉર્ફે અભી શાંતિલાલ માથુકીયા રહે. મુળ સમઢીયાળા, હાલ અમદાવાદ (૨) સચીન ઉર્ફે ભોલો ગોવિંદભાઈ વોરા મુળ દાદર ગીર, તા. વિસાવદર, હાલ અમદાવાદ (૩) આર્યન ઉર્ફે દાતાર મહેબુબભાઈ પઠાણ રહે. દાતાર રોડ (૪) ધર્મેશ હરસુખભાઈ ગોહેલ રહે. મધુરમ ત્રિલોકનગર (૫) સતીષ દેવરાજભાઈ કરમટા રહે. લીરબાઈપરા, ગાંધીગ્રામ (૬) અબ્દુલ કરીમ હસનભાઈ જેઠવા રહે. જૂનાગઢ જુની સિવીલ હોસ્પીટલ સામે (૭) આસીફ રહીમભાઈ બેલીમ રહે. હેઠાણ ફળીયા (૮) નયનાબેન ડો./ઓ. ઈન્દ્રવદનભાઈ ટાંક રહે. જૂનાગઢ જવાહર રોડ સહિતનાં આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. આ કેસમાં ગુજરાત રાજય બહારનાં અન્ય લોકોની પણ સંડોવણી બહાર આવેલ હોય જે બાબતે તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગઈકાલે એક પ્રેસ કોન્ફરન્સ યોજી અને સાયબર ક્રાઈમ કાંડ અંગેની વિગતો આપવામાં આવી હતી. આ સાથે જ જાહેર જનતાને પણ એવી અપીલ કરવામાં આવી હતી કે જે કોઈ લોકોએ આ આરોપીઓને પોતાનાં બેંક એકાઉન્ટ આપેલ હોય અને નાણાંની હેરફેર કરેલ હોય પરંતુ અત્રે જાણ કરવામાં આવેલ નથી તેવા લોકોને સુચના કરવામાં આવે છે કે જો તેઓ આ બાબતે અત્રે જાણ નહી કરે તો તેમનાં વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

દરમ્યાન રેન્જ આઈજી નિલેશ જાજડીયાએ આ તકે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં આ ગેંગ મારફતે જૂનાગઢ ખાતે આવેલ અલગ અલગ બેંકનાં આશરે ૨૦૦ જેટલા બેંક એકાઉન્ટની નાણાંની હેરાફેરી થયાનું સામે આવ્યું છે. જેમાં હાલમાં ૮૨ બેંક એકાઉન્ટ વિરૂધ્ધ ભારત દેશમાં એનસીસીઆરપી પોર્ટલ પર કુલ ૧૫૨ ઓનલાઈન ફરીયાદો નોંધાયેલી છે. જે પૈકી ૪૨ બેંક એકાઉન્ટમાં કુલ રૂા. ૫૦,૦૦,૩૨,૩૬૬ની સાઈબર ફ્રોડની રકમ હેરફેર કરી હોવાનું સામે આવ્યું છે. અન્ય બેંક એકાઉન્ટની તપાસ ચાલી રહી છે. દરમ્યાન પકડાયેલા ૮ આરોપીઓને આજે રીમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજુ કરવામાં આવનાર છે.

દરમ્યાન સાયબર ક્રાઈમ કાંડને ઝડપી લેવાની કામગીરી પીઆઈ સી.વી. નાયક, વી.એમ. જોટાણીયા, એન.એ. જોષી, બી.ડી. માવદીયા, બી.આર. જોગલ, ગીરૂભા વાઘેલા, સંજયભાઈ કોડીવાર, ઝમીરભાઈ બ્લોચ, પિયુષભાઈ ચાવડા, વિશાલ જોષી, રવી ગોહેલ, હેમંત સોંદરવા, નિલેશભાઈ પરમાર, ભરતભાઈ ચાવડા, જીતેન્દ્ર બાવરીયા, ભનુભાઈ ઓડેદરા, કેતન મકવાણા, અરવિંદભાઈ વાવેચા, મહેશભાઈ સોંદરવા, મુળુભાઈ ખટાણા, ગીગાભાઈ કાગડા, અરવિંદભાઈ સોલંકી, શબનમ શેખ, અસ્મિતા મોકરીયા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

### વંથલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા

# સગીર બાળાનું અપહરણ અને દુષ્કર્મ કેસનાં 3 આરોપીઓની ધરપકડ

## એક આરોપી લુશાળા, એક મહારાષ્ટ્ર અને એક મધ્યપ્રદેશમાંથી ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ જીલ્લાના વંથલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુશાળા ગામે બનેલા એક બનાવમાં મધ્યપ્રદેશના આદિવાસી પરિવારની સગીર વયની બાળાનું લગ્નની લાલચે અપહરણ કરી અને દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલીક અસરથી પોલીસે કાર્યવાહી હાથ ધરી અને ગણતરીનાં સમયમાં જ મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર રાજયમાંથી પણ આરોપીની ધરપકડ કરી અને વંથલી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવઅંગે વંથલી પોલીસે આપેલી વિગત અનુસાર મધ્યપ્રદેશના બડવાની તાલુકાના મેણીમાતા ગામના એક પરિવારની સગીર વયની એટલે ૧૫ વર્ષ અને એક માસની ઉંમરની બાળાનું અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાઈ છે જેમાં આરોપી તરીકે ખેતીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી, કુમારીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી, તાતીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી રહે. મૌરાની ગામ તા.જી. બડવાની મધ્યપ્રદેશ તથા ઈકા સન ઓફ સરપીયા બારેલા આદીવાસી રહે.મેણીમાતા ગામ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનો આરોપી ખેતીયા સન ઓફ બઠડા ભોગ બનનાર સગીર બાળાનું લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી અને અપહરણ કરી ગયેલ અને સાહેદો વચ્ચે પડતા તમામ આરોપીઓએ એક સંપ કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જયારે આરોપી નં.૧ ખેતીયા સન ઓફ બઠડાએ ભોગ બનનાર સગીર બાળાની ઈચ્છા વિરૂધ્ધ તેના ઉપર શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. પોલીસે આ બનાવના અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩), ૫૪, ૧૧૫(૨), પોક્સો એકટ કલમ ૬, ૮, ૧૨ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમ્યાન જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ નિરીક્ષક નિલેશ જાજડીયા તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચનાને આધારે જૂનાગઢ ગ્રામ્ય ડીવીઝનનાં નાયબ પોલીસ અધિક્ષક નિકીતા સીરોયાનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર આર.કે. પરમાર દ્વારા આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સનાં આધારે તપાસમાં હતા તે દરમ્યાન એવી બાતમી મળી કે આરોપીઓ મધ્યપ્રદેશ રાજયનાં બડવાની જીલ્લા તથા મહારાષ્ટ્ર રાજયનાં સખવડ જીલ્લામાં હોવાની માહિતીનાં આધારે પીએસઆઈ આર.વી. આહીર અને ટીમ મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર રાજય ખાતે તપાસ કરવા ગયેલ. આ દરમ્યાન ટેકનીકલ સોર્સનાં આધારે મળેલી બાતમીનાં આધારે આરોપી કુમારીયા સન/ઓફ બઠડા બારેલા નામના શખ્સને લુશાળા ગામેથી ઝડપી લેવામાં આવેલ. તથા તાતીયા બઠડાને મહારાષ્ટ્રમાંથી તથા ઈકા સરપરીયા બારેલાને મધ્યપ્રદેશમાંથી ઝડપી લઈ અને તેમનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં ઠંડીમાં આંશિક રાહત

## ગિરનાર પર ૭.૧ ડીગ્રી ઠંડી



જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ઠારમાં વધારો થયો છે અને હવામાન ઠંડુગાર થયું છે. જૂનાગઢ અને સોરઠમાં પણ ઠંડુ વાતાવરણ રહયું છે. જો કે આજે સવારે તાપમાનમાં સોરઠ પંથકમાં વધારો થયો હતો. પરંતુ ગિરનાર પર્વત ઉપર ૭.૧ ડીગ્રી ઠંડી નોંધાઈ હતી. આજે સવારે ૧.૨ ડીગ્રી લઘુતમ તાપમાન વધીને જૂનાગઢ શહેરમાં ૧૨.૧ ડીગ્રી તાપમાન નોંધાતા ઠંડીમાં આંશિક રાહત રહી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને ઠંડા પવન ફુંકાયો હતો.

# ગડુ નજીક ફોર વ્હીલ ચાલકે બે બાઈકને હડફેટે લેતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જેતપુર સોમનાથ હાઈવે પર ગડુ નજીક રોડ સાઈડે ઉભેલ ત્રણ મિત્રોના મોટર સાયકલોને ફોર વ્હીલ ચાલકે હડફેટે લેતા બે ઈજાઓ સાથે એકનુ મોત નિપજયાનું ચોરવાડ પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે સબીરમીયા અબ્દુલમીયા કાદરીએ ફોર વ્હીલ નં.જીજે-૩૨-એએ-૭૮૯૧ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના દિકરા ઈમ્તીયાજ અને તેમના તેમના મિત્રો આબીદ અને આહીલ ગડુ નજીક આવેલ નંદનવન હોટેલ પાસે રોડ સાઈડમાં મોટર સાયકલો રાખીલ ઉભેલ હોય ત્યારે આરોપી ફોર વ્હીલ ચાલકે પોતાની ફોર વ્હીલ ગફલત રીતે ચલાવી હડફેટે લઈ આબીદ અને આહીલનો ઈજાઓ પહોંચાડેલ જયારે ઈમ્તિયાઝને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરના કોઠારીયા ગામે મહિલાએ સેલફોસના ટીકડા પી જતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

માણાવદરના કોઠારીયા ગામે રહેતા મહિલાએ કોઈ કારણોસર સેલફોસના ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે હિતેનભાઈ લાખાભાઈ ગરેજાએ જાહેર કરેલ કે પોતાની મૃતક પત્ની ભુમીતાબેન(ઉ.વ.૩૦)એ કોઈ કારણોસર સેલફોસના ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

### ભુલથી ઝેરી દવા પી લેતા મોત

વિસાવદરના છેલણકા ગામે રહેતા રાજસ્થાનના પ્રભુભાઈ થાવરાભાઈ ગરસીયા (ઉ.વ.૬૫)નું છેલ્લા ૧૦-૧૨ દિવસથી માથુ દુઃખતુ હોય ભુલથી માથાની ગોળીને બદલે ઝેરી દવાના ટીકડા ખાઈ જતા મોત નિપજયાનું ગીરીશભાઈ પ્રભુભાઈ ગરસીયાએ જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા દર્દીઓ માટે એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ




જૂનાગઢ, તા.૧૭

શ્રી સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જૂનાગઢની નાની નાની ગલીઓમાં મોટી એમ્બ્યુલન્સ જઈ ના શકે તે હેતુસર યુવક મંડળ ને દાતાશ્રી સ્વર્ગસ્થ રમાબેન કારિયા ના સ્મરાણાર્થે આશાબેન નથવાણી અને દક્ષાબેન નથવાણી દ્વારા દર્દીઓની ચિંતા કરી ઈલેકટ્રીક એમ્બ્યુલન્સ ની દર્દીઓ માટે સુવિધા કરવામાં આવેલ છે. જૂનાગઢની જરૂરિયાતમંદ દર્દીઓ ને જણાવવાનું કે કોઈપણ દર્દીને તાત્કાલિક કે જે વિસ્તારની નાની ગલીઓમાં મોટી એમ્બ્યુલન્સ આવી શકતી ના હોય એવા વિસ્તારોમાં કોઈપણ જરૂરિયાતમંદ દર્દીને એમ્બ્યુલન્સની જરૂર પડે ત્યારે મનસુખભાઈ વાજા ૯૯૨૫૧૪૨૦૮૮, લલીતભાઈ દોશી ૯૩૧૬૫ ૦૮૫૨૦, અરવિંદભાઈ મારડિયા ૯૯૨૫૫ ૧૧૯૪૩, અલ્પેશભાઈ પરમાર ૯૪૨૭૨ ૪૨૭૭૧, પરેશભાઈ ૯૮૨૪૮ ૭૪૪૩૬ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

CCC
તમામ સરકારી ભરતીમાં
જરૂરી કોમ્પ્યુટર કોર્ષ
મિલેનીયમ
સરદારપરા, જૂનાગઢ
કોમ્પ્યુટર
૯૩૨૭૧ ૬૧૨૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો
Chilli Powder
TURMERIC POWDER